॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ ભક્ત મારા માથાના મુગટ છે ॥

વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણ પાર્થને સમજાવી રહ્યા છે કે 'હે પાર્થ, હું એટલું જ કહી શકું કે ભક્ત મારા માથાના મુગટ છે.' અને આ તો હે પાર્થ, મારા ગુરુ શિવ પાસેથી હું શીખ્યો છું. શિવે મારું ચરણોદક પોતાના શિર પર ધારણ કર્યું તો મારા ચરણોમાં નમ્ર બનવાવાળા મારા જે ભક્તો છે, એમને હું મારા મસ્તક પર ધારણ કરું છું. 'હું મારા ભક્તોનું ધ્યાન ધરું છું.' એવું મેં કેમ કહ્યું તો એનું કારણ એ જ કે, મારી પરંપરા જ એવી છે. મારા ગુરુ પાસેથી જ શીખ્યો છું કે આપણાથી જે કનિષ્ઠ છે એને મસ્તક પર રાખો.'

'શ્રેષ્ઠની સામે તો મસ્તક નમેલું જ રહે, ત્યાં શું નમવાનું ? જે શ્રદ્ધેય છે તેનો આદર તો કરવો જ, જે શ્રદ્ધેય નથી એનો પણ સમાનરૂપથી આદર કરવો. આ ભક્તિનું રહસ્ય છે. સદાશિવ જેવા ગુરુ મળે તો જ આ સમજાય.'—એમ કહ્યા પછી શ્રીકૃષ્ણ બોલ્યા; 'રહેવા દે, રહેવા દે ! મહેશની પ્રશંસા કરતાં હું અપ્રત્યક્ષ રીતે મારી જ પ્રશંસા કરી રહ્યો છું, એવો મારી વાણી પર દોષ આવશે. એટલે મારા ગુરુની વાત હું છોડી દઉં છું. 'ગુરુ મારી પૂજા કરે છે' આ વાત મારા મુખથી હું કેવી રીતે કહું ?'

**—સંકલન**

**(શ્રી જ્ઞાનેશ્વરી)**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥

॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

આ અંકનું માહાત્મ્ય

॥ મહાત્મા શ્રી યોગેશ્વરજીની ભક્તિવિષયક વિચારણા ॥

'હે અર્જુન, ભક્તોનું મને વ્યસન છે. હું સચરાચરમાં વ્યાપેલો છું. ક્યારેક એમની સન્મુખ, ક્યારેક પાછળ. પણ જ્યારે બોલાવે ત્યારે એમની રક્ષાકાજ આવું જ છું. હું તેમનું ધ્યાન ધરું છું. તે મારી પ્રિયતમા છે, હું તેમનો પ્રેમી છું.'

—શ્રી જ્ઞાનેશ્વર



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | ન મે ભક્તઃ પ્રણશ્યતિ | શ્રી યોગેશ્વરજી | ૭ |
| ૩. | ભક્તિ-મહિમા સંકેતતી બે સુંદર કાવ્યકૃતિઓ | " | ૧૦ |
| ૪. | ભક્તિ : ઉપાસનાનો સીધો માર્ગ | " | ૧૫ |
| ૫. | ભક્તિ : સૌથી સહેલું સાધન | " | ૧૭ |
| ૬. | ભક્તિથી લૌકિક લાભ | " | ૧૮ |
| ૭. | ભક્તિ અને આત્માનુસંધાન | " | ૧૯ |
| ૮. | ભક્તોની પ્રાર્થના | " | ૨૧ |
| ૯. | ભક્તિના પ્રકાર | " | ૨૨ |
| ૧૦. | ભક્તિવિષયક પ્રશ્નોત્તરી | " | ૨૫ |
| ૧૧. | જ્ઞાન અને ભક્તિ | " | ૨૯ |
| ૧૨. | અસંગશસ્ત્રની અનિવાર્યતા | " | ૩૩ |
| ૧૩. | ઈશ્વરનું દર્શન | " | ૩૮ |
| ૧૪. | યાચના કે ઉપકાર ? | ડૉ. કુમારપાળ દેસાઈ | ૪૦ |
| ૧૫. | શરીરનું સત્ય, સાર્થક્ય | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૪૫ |
| ૧૬. | ૐ મા પર્વ-અમર પર્વ | શ્રી યોગેશ પંડ્યા<br>શ્રી નિશા પંડ્યા | ૫૨ |
| ૧૭. | 'યાત્રા'માં 'મા'નું દર્શન | ડૉ. અર્પિતા જોશી | ૫૬ |
| ૧૮. | School Calendars need a shift for cultural diversity | શ્રી શ્લોકા ભક્ત | ૬૨ |

# નિવેદન : પ્રભુને અવસર આપો

આપણે પ્રભુને આપણા જીવનમાં પ્રગટવાનો અવસર આપવો જોઈએ. પણ આપણે અરધા પરધા જગતને અને અરધાપરધા એને પકડીએ તો પ્રભુને મોકો મળતો નથી. એટલે આપણે બધું છોડી દઈ, માત્ર પ્રભુને જ વળગી રહેવું જોઈએ.

આધ્યાત્મિક મનુષ્યને જવાબદારીઓ-ફરજો હશે પણ એ ઉચ્ચતર શક્તિ પરત્વે ખેંચાયેલો રહે, પ્રભુસભાનતાની ભૂમિકાથી કદી નીચે ન ઊતરે તો પ્રભુ એનું બધું સુપેરે સંભાળી લે છે. જ્યાં પણ રહો, પ્રભુપરસ્ત રહો, મન ધ્રુવતારક પ્રભુ પર જ કેન્દ્રિત રાખો. પ્રભુનો પ્રેમ સર્વવ્યાપી, સર્વસુખકારી છે.

બહાર મહામારીનું તાંડવ હોય પણ ભીતર હિમાલયની શાંતિ હોય તો એ પ્રભુની ઉપસ્થિતિનો પ્રબળ પુરાવો છે. પ્રભુ સાથે પ્રતિદિન વધારે ને વધારે મધુર, પ્રેમમય નાતો સ્થાપતા જાઓ. એ જ એકમાત્ર સાચો, પ્રેમમય નાતો સ્થાપતા જાઓ. એ જ એકમાત્ર સાચો, શાશ્વત પ્રેમ છે. જ્યારે તમારાં મન-હૃદય એ સંબંધ સાથે સ્થિર થઈ જશે ત્યારે અન્ય સર્વ સંબંધો પણ વધારે પવિત્ર અને મધુર બની જશે.

પ્રાર્થના કે ધ્યાન વેળા માત્ર હોઠોથી નહિ, સંપૂર્ણ વફાદારીથી કહો : 'હું દિવ્યતાની સામે નહિ પડું. હે પ્રભુ ! તમે જ કર્તાહર્તા છો. મને તમારું મનપસંદ ઉપકરણ બનાવો.' કેવળ સેવા-કર્તવ્ય અદા કરવાં પર્યાપ્ત નથી. વિચારો કે તમને એક મહાન અવસર મળ્યો છે. એટલે આનંદ-પ્રેમથી પ્રભુ પ્રત્યેના સમર્પણનું ગીત ગાઓ.

યાદ રાખો કે, 'જો તમારું અંતર પ્રભુમય હશે તો કોઈ તમારો વાળ વાંકો નહિ કરી શકે.'



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૮૫**
**તા. ૯-૨-૮૩, બુધવાર, મહા વદ બારસ ૨૦૩૯**
**રિઝર્વહીલ, ડરબન**

ઉતારો શહેરથી દૂર છે, જેથી મુલાકાત સમયે કોઈ આવતું નથી. અલબત્ત, કેટલાક ફોનથી મળી લે છે.

સવારે પૂ.શ્રીનો એ જ ક્રમ રહ્યો.

આજે ખીચડી-કઢીનું ભોજન બનાવીને લીધું.

બપોરે શ્રી રતિભાઈએ જપમાળા અંગેની થોડી શંકાનું સમાધાન પૂ.શ્રી પાસેથી મેળવ્યું.

શિવરાત્રી ઉપર પૂ.શ્રીનાં બે અંગ્રેજી ને એક ગુજરાતી એમ ત્રણ પ્રવચનો થશે. અતિ શ્રમ પડશે. પણ સ્વામીજીના પ્રેમભર્યા આગ્રહને લીધે આમંત્રણ સ્વીકાર્યું. છે.

આ ઉતારો ટેકરી ઉપર શાંત વિસ્તારમાં છે. ખૂબ શાંતિ લાગે છે.

પૂ.શ્રી હસતાં હસતાં કહે છેઃ આટલો ભાગ આપણે ભાડે લઈએ ને અહીં રહીએ. પ્રવચનો કરીશું એટલે ભાડાનો પ્રશ્ન હલ થઈ જશે. આ તો મૌનમંદિર જ છે. ખૂબ અનુકૂળ ઉતારો છે.

સાંજે થોડું લેખન કર્યું.

આજે પ્રવચનમાં પૂ.શ્રીએ સંપ્રદાયના વાડાઓમાંથી મુક્ત બનીને, ધર્મની રક્ષા માટે એક થવાની બાબત ઉપર ભાર મૂક્યો.

પ્રવચન બાદ ઉતારા પર આવીને આરામ કર્યો.

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

**હરિઃ ૐ**

# ॥ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥

ભગવાન કૃષ્ણે ભગવદ્‌ગીતામાં ભક્તને માટે કેવી મોટી બહુમૂલ્ય બાંયધરી આપી દીધી ? 'કૌનોય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ.' હે કુન્તીપુત્ર અર્જુન, તું સુચારુરૂપે નિશ્ચયાત્મક રીતે શંકાકુશંકા રહિત બનીને સમજી લે કે મારા ભક્તનો કદી પણ નાશ નથી થતો. ભગવાને એવા ઉદ્‌ગારો દ્વારા પોતાના શ્રદ્ધાભક્તિભરપૂર શરણાગતને અસાધારણ, અદ્‌ભુત અમોઘ અભયવચન આપ્યું છે.

ભગવાનના ભક્તનો કદી નાશ થતો નથી એટલે શું ? એમ કહીને ભગવાન શું સૂચવવા માગે છે એ વિચારવા જેવું છે. ભક્તના જીવનમાં ધન, વૈભવ, ઐશ્વર્ય, પદ, પ્રતિષ્ઠા, પૂજા, સત્તા, સૌંદર્ય, યૌવન બધું જ હોય, રિદ્ધિસિદ્ધિ પણ હોય, પરંતુ ભગવાનની ભક્તિ ના હોય તો ભક્તના જીવનમાં કશું જ નથી હોતું. ભક્તિ સિવાય સાચા ભક્તને પોતાનું જીવન અધૂરું લાગે છે. નીરસ અથવા નિરર્થક ભાસે છે. પરિમલ વિનાના પુષ્પનું, સલિલ સિવાયની સરિતાનું, ચાંદની વિનાના ચંદ્રનું, અને જ્યોતિ વગરના દીપકનું મૂલ્ય જેમ નહિવત્ હોય છે અથવા આત્મા વિનાના અંગની જેમ કશી વિસાત નથી હોતી, તેમ ભગવાનની પ્રીતિ વિના ભક્તના જીવનમાં શૂન્યાવકાશ સરજાય છે. ભક્તિ વિના ભક્ત મૃતઃપ્રાય બની જાય છે. ભગવાન કહે છે કે, મારા ભક્તનો કદી પણ નાશ થતો નથી. એનો અર્થ એવો થયો કે ભક્ત જેનાથી વંચિત બનીને મૃતઃપ્રાય



બની જાય છે તે ભગવદ્‌ભક્તિ કે પરમાત્મપ્રીતિથી ભગવાન ભક્તના જીવનને સુસંપન્ન બનાવે છે. ભગવાન એને સદ્‌બુદ્ધિ અર્પે છે, બુદ્ધિયોગનું દાન કરે છે. એ બુદ્ધિયોગ કે સદ્‌બુદ્ધિની મદદથી ભક્ત પરમાત્માને પોતાના જીવનનું પરમ પ્રાપ્તવ્ય સમજીને નિત્ય નિરંતર અવનવા ઉત્સાહથી આગળ વધે છે.

કેટલાય સાધકો સંસારના વિનાશશીલ વિષયોની વાસનાથી પ્રેરાઈને એમાં આસક્તિ કરી બેસે છે ને જીવનના આધ્યાત્મિક વિકાસધ્યેયને ભૂલી જાય છે. વિષયોની મમતા, મોહવૃત્તિ, આસક્તિ જીવનના અધઃપતન કે વિનાશનું કારણ બને છે. પોતાના શરણગત સાધક કે ભક્તના જીવનના સંરક્ષક બનીને ભગવાન એને જે પતિતપાવની, સર્વસંતાપહારિણી, સંકટનાશિની, શાંતિપ્રદાયિની પ્રજ્ઞા સમર્પે છે તેને લીધે એ વિષયોની મોહવૃત્તિ કે આસક્તિમાંથી મુક્તિ મેળવે છે. એનું આત્મિક અધઃપતન અટકે છે. એ સર્વનાશની ઊંડી ગર્તામાં નથી ધકેલાતો. પોતાની અંદર રહેનારી આસુરી સંપત્તિનો અંત આણીને ક્રમે ક્રમે શનૈઃ શનૈઃ છતાં ચોક્કસપણે દૈવી સંપત્તિમાં- સદ્‌ગુણો, સદ્‌વિચારો, સદ્‌ભાવો, સદ્‌કર્મોમાં પ્રતિષ્ઠા પામે છે.

ભગવાને ભગવદ્‌ગીતામાં એ પ્રકારની બાંયધરી કોને આપી છે તે પણ યાદ રાખવા જેવું છે. 'ન મે ભક્તઃ પ્રણશ્યતિ'— 'મારો ભક્ત કદી નાશ નથી પામતો.' એવું જણાવીને સ્પષ્ટ રીતે સૂચવવામાં આવ્યું છે કે એ પ્રકારનું અભય વચન કેવળ ભક્તને માટે જ આપવામાં આવ્યું છે. ભક્તને માટે જ એવી ચોક્કસ બાંયધરી આપવામાં આવી છે. શરીર, મન, વચન, હૃદયથી

પળે પળે, પદે પદે, સ્થળે સ્થળે, જે ભગવાનને સમર્પિત બને છે, ભગવાનને માટે જ જીવે છે, ને ભગવાનને જ ભજે છે, તે ભક્ત કહેવાય છે. ભગવાન સાથે એક થવાની ઝંખનાવાળો પવિત્ર પ્રેમમય જીવ.

બાળકની સંભાળ સ્વાભાવિક રીતે જ માતા રાખે છે. એમ જે સાધક ભક્ત શિશુસહજ સરળતા, નિર્દોષતા, શરણાગતભાવથી સંપન્ન બનીને પરમાત્માપરાયણ બને છે, તેની સંભાળ પરમાત્મારૂપી માતા પોતે રાખે છે. એ એનો નાશ નોતરવા દેતી નથી. ભક્તે કેવળ સરળ તથા નિર્દોષ બનવાનો પ્રયત્ન કરતાં સાચા દિલથી સર્વભાવે એનું શરણ લેવું જોઈએ.

**–શ્રી યોગેશ્વરજી**

**(આત્માની અમૃતવાણી)**

'ઈશ્વર કહે છે કે, જ્યારે હું કોઈ ભક્તના પ્રતિ પ્રેમ દર્શાવું છું ત્યારે હું ઈશ્વર હોવા છતાં તેની કર્ણેન્દ્રિય બની જાઉં છું, અને તે મારી મારફતે જ શ્રવણ કરે છે. હું તેની દર્શનેન્દ્રિય બની જાઉં છું અને તે મારા દ્વારા જ જુએ છે. હું તેની વાકેન્દ્રિય બની જાઉં છું અને તે મારા દ્વારા જ બોલે છે. હું તેનો હાથ બની જાઉં છું અને તે મારા દ્વારા જ ગ્રહણ કરે છે.'

**–ઝૂન્નૂન મિસરી**



## ॥ ભક્તિ-મહિમા સંકેતતી બે સુંદર કાવ્યકૃતિઓ ॥

(૧)

**॥ કલિમાં એક નામ આધાર ॥**

**કલિમાં એક નામ આધાર.**
**કોટિ ઉપાય કરો પણ ન મળે સ્વપ્નેયે ભગવાન.**
**તપવ્રત કાંઈ કામ ન આવે, બીજા મંત્ર અસાર**
**જ્ઞાનવાન પણ જે ના આપે, આપે તે સુખ નામ.**
**કલિને જાણો સાગર શો તો નામ સમજજો નાવ**
**બખતર એકલ નામનું રાખો લાગશે નહિ ઘાવ.**
**આડીઅવળી વાતો છોડી લેજો પ્રીતે નામ,**
**ઊંધુઅવળું પ્રીત કરીને થાશે સુખનું ધામ.**
**રામશ્યામ કે રાધેગોવિંદ મા કે હે ભગવાન,**
**સત્ય પ્રકટશે પ્રેમભક્તિથી સંતન એવું ગાય.**

**–પૂ.શ્રી યોગેશ્વરજી**

**('સંતવાણી')**

★

**કાવ્યસમીક્ષા**

કહેવાય છે કે, 'કળિયુગમાં કેવળ નામસ્મરણ પ્રભુપ્રાપ્તિ માટે પર્યાપ્ત છે.' પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી આ જ હકીકતને એક ડગલું આગળ લઈ જઈ, ભારપૂર્વક કહે છે : કલિમાં નામ જ એક આધાર છે, અન્ય કોટિ ઉપાયોથી સ્વપ્નમાં પણ ભગવાન મળે નહિ.

તમે ચાહે તપ વ્રત કરો, મંત્રજાપ કરો, જ્ઞાનની વાતો કરો, પણ જે સુખ નામ આપે છે, આપી શકે છે તે ક્ષમતા આ અન્ય કશામાં નથી.

જો તમને કલિ સાગર જેવો જણાય તો પ્રભુ નામને નાવ સમજશો, એ જ તમને પાર કરાવશે. અને કવચ-બખ્તર એકલા નામનું રાખો તો કોઈ ઘા તમને લાગશે નહિ.

બધી આડીઅવળી વાતો છોડી, પ્રેમપૂર્વક પ્રભુનું નામ લેજો. તમે અનુભવશો કે જે કંઈ ઊંધું-અવળું છે, એ સર્વ પ્રેમથી તમારે માટે 'સુખધામ' બની રહેશે.

ભાવક-ભાવિકને નામનો આવો મહિમા જાણ્યા પછી પ્રશ્ન થાય કે, 'પ્રભુ તારાં છે હજાર નામ કયા નામે લખવી કંકોતરી ?' અર્થાત્ કોના નામનો આધાર લેવો ? તો એના પ્રત્યુત્તરરૂપે કવિશ્રી છેલ્લી કડીમાં સાફ કહી દે છે કે; રામ, શ્યામ, રાધે ગોવિંદ, મા કે ભગવાન-આ વિકલ્પોમાંથી ચાહે એ પસંદ કરી લો. કોઈપણ નામસ્મરણથી અલબત્ત. એની પાછળ પ્રેમભક્તિનો ધબકાર હોવો જોઈએ; તો સત્ય પ્રકટ્યા વિના રહેશે નહિ. અર્થાત્ પ્રભુ પ્રકટ થઈને જ રહેશે. નામ નામીનો સાક્ષાત્કાર કરાવીને જ રહે છે એવી ખાતરી સંતો-ઈશ્વરસાક્ષાત્કારી મનુષ્યો આપે છે.

પૂજ્ય શ્રી યોગેશ્વરજી નામસ્મરણનો મહિમા પરાકાષ્ઠાએ પહોંચાડતી પંક્તિ 'સત્ય પ્રકટશે પ્રેમભક્તિથી' એમ કહી નિશ્ચિતતાનો રણકાર પ્રસારી રહે છે, પણ એનો યશ સ્વયં ન લેતાં, 'સંતન એવું ગાય' કહી; સંતનનો મહિમા કરે છે. પણ 'સંતન' શબ્દની વિનમ્રતામાં તેઓશ્રીનો જ આવિર્ભાવ છે, એ સત્ય સુજ્ઞ ભાવકથી અજાણ્યું નથી રહેતું.



કવિવાણી, કવિની કર્તૃત્વશક્તિની આ છેવટની વ્યંજના 'કલિમાં એક નામ આધાર' રચનાને વધારે મધુર, રસમય બનાવી રહે છે. કેમકે, કોઈ નામને આધારનું ગૌરવ આપવા પોતાનું નામ છોડવાનું, ત્યજવાનું તો અનિવાર્ય છે, એવો કાવ્યમય સંકેત કાવ્યને અંતે સૂચવી કવિશ્રીએ એક સાદી-સીધી રચનાને અપૂર્વ કલાસૌન્દર્યથી મઢી લીધી છે.

★

## ॥ મંદિરની પ્રાપ્તિ ॥

**તમારા મધુમય મંદિરની પ્રાપ્તિ**
**કષ્ટની કારમી કેડીથી થાય છે**
**એવું મેં નથી માન્યું.**
**એમાંના કેટલાક પંચાગ્નિસેવન કરતા**
**તો કેટલાક કરપાત્રી બનતા.**
**કેટલાક ગળાબૂડ પાણીમાં શિયાળામાં રાતભર રહેતા**
**તો બીજા કેટલાક ઉનાળામાં પાવક પથારી કરતા.**
**કોઈક નગ્ન બનીને બેસતા તો કોઈક**
**જીભ તથા કાનને છેદતા.**
**કોઈ ભૂગર્ભમાં પ્રવેશતા તો કોઈ વરસો સુધી**
**આજીવન મૌન સેવતા.**
**મેં તો પ્રાણમાં પ્રેમપ્રદીપ પ્રગટાવ્યો.**
**અશ્રુની અનવરત આરાધના આદરી.**
**પ્રાર્થનાનાં પુષ્પો**
**પોકારના પડઘમ**
**નેહનાં નૈવેદ્ય**

**સુંદર અને શિવની સમીપતા જાણી.**
**ત્યાં જ મંદિર ઊઘડ્યું.**

**–પૂ.શ્રી યોગેશ્વરજી**
('દર્પણ')

★

**કાવ્યસમીક્ષા**

'પ્રભુપ્રેમ કષ્ટસાધ્ય નહિ, સહજ સાધ્ય છે' એવો સંકેત સિદ્ધ કરતી, પૂજ્ય શ્રી યોગેશ્વરજીરચિત રચના 'મંદિરની પ્રાપ્તિ' 'દર્પણ' કાવ્યસંગ્રહની છડી પોકારતી એક અનુપમ કાવ્યકૃતિ છે.

કાવ્યના પ્રારંભમાં સીધું વિધાન છે : તમારા મધુમય મંદિરની પ્રાપ્તિ કષ્ટની કારમી કેડીથી થાય છે. એવું મેં નથી માન્યું. પંક્તિ સરલ-સુબોધ છે; પણ 'મંદિર' માટે 'મધુમય' વિશેષણ પ્રયોજી અભિવ્યક્તિ એકદમ ધારદાર બનાવી દીધી છે. 'મંદિર' પ્રભુનું નિવાસસ્થાન ગણાય પણ 'મધુમય મંદિર' એટલે પ્રભુ જેમાં પ્રતિષ્ઠ છે, અધિષ્ઠિત છે, એ એમનું સૂક્ષ્મ સ્વરૂપ. પ્રભુ સ્વયં ! સાક્ષાત્ પ્રેમરૂપ ! જેને પામવા કષ્ટની કારમી કેડીની બિલુકલ આવશ્યકતા નથી એવી રચયિતાની સ્પષ્ટ સમજણ છે.

પણ કવિ કહે છે કે, પ્રેમમય પ્રભુને પામવા મનુષ્યો પંચાગ્નિ સેવે છે, કરપાત્રી બને છે, શિયાળામાં રાતભર ગળાબૂડ પાણીમાં રહે છે, ઉનાળામાં પાવક પથારી કરે છે, કોઈ દિગંબર અવસ્થામાં રહે તો કોઈ જીભ-કાનને છેદે, કોઈ ભૂગર્ભમાં વર્ષો પ્રવેશે તો કોઈ આજીવન મૌન સેવે છે. આ સર્વ કેડીઓ અતિશય કષ્ટદાયક છે.



જ્યારે મેં તો પ્રાણમાં 'પ્રેમનો દીપ' પ્રગટાવી, અશ્રુની અનવરત આરાધના આદરી, પ્રાર્થનાનાં પુષ્પો, પોકારના પડઘમ, સ્નેહનાં નૈવેદ્ય દ્વારા સૌંદર્ય અને શિવનું સામીપ્ય માણ્યું, અનુભવ્યું અને ત્યાં જ 'મંદિર ઊઘડ્યું ' અર્થાત્ પ્રેમઅધિષ્ઠત પરમાત્માને પામવા પ્રેમ ધર્યો. પ્રેમજનિત ભાવસંવેદનો જેવાં પ્રગટ્યાં કે પ્રભુ હાજરાહજૂર થઈ ગયા.

આમ, 'મધુમય મંદિર' પ્રભુનું પ્રેમસ્વરૂપ પ્રાપ્ત કરવા, અનુભવવા જરૂર છે કેવળ પ્રાણમાં પ્રેમપ્રદીપ પ્રગટાવવાની, અન્ય કોઈ ઉપાયોની જરૂર નથી. એવું સાદું, સરલ સત્ય સિદ્ધ કરતી આ કાવ્યરચના સોંસરવી કોઈ પણ ભાવકના હૃદયમાં ઊતરી જાય એવી પ્રભાવક છે.

જે પ્રેમનો અધિષ્ઠાતા છે, પ્રેમ સ્વયં છે, એ પ્રભુને પામવા પ્રેમથી અતિરિક્ત કંઈ ન જોઈએ. એ સહજતાનો સ્વામી છે, એને સત્કારવા સહજ ભાવ જ જોઈએ. પ્રભુને તલાશ છે આપણી તીવ્ર પ્રાણપ્રતીક્ષાની.

પ્રભુને પ્રાપ્ત કરવા કષ્ટોની કારમી કેડીઓ ત્યજી કેવળ પ્રેમનો સહજ-સરલ રાજમાર્ગ સૂચવતી પૂજ્યશ્રી યોગેશ્વરજીની આ રચના તેઓશ્રીની સ્પષ્ટ, વિશદ, નિર્ભ્રાન્ત સમજણનું પારદર્શક પ્રતિબિંબ બની રહે છે.

**'પ્રેમ હરિકા રૂપ હૈ, ત્યોં હરિ પ્રેમસરૂપ**
**એક હોય દ્વૈ યા લસેં, જ્યોં સૂરજ અરુ ધૂપ'**

**–રસખાન**

# ॥ ભક્તિ : ઉપાસનાનો સીધો માર્ગ ॥

પરમ શાંતિની પ્રાપ્તિ, બંધનની નિવૃત્તિ ને પરમાત્માદર્શન માટે જે સાધનો છે તેમાં ભક્તિ એક નિરાળું સાધન છે. યોગ-જ્ઞાન-ઉપાસનાના ત્રણ મુખ્ય સાધનોમાં ભક્તિ કે ઉપાસનાનો માર્ગ વધારે સરળ, સીધો ને સર્વોપયોગી છે.

યોગ-જ્ઞાનમાર્ગે અમુક અધિકારી માણસો જ જઈ શકે છે જ્યારે ભક્તિનો રાજમાર્ગ બાળક, યુવાન, વૃદ્ધ, રોગી, નિર્બળ, નિરાધાર, નિર્ધન કે ન્યાતજાતના કોઈયે ભેદભાવ વિના મનુષ્યમાત્ર માટે ખુલ્લો છે.

પ્રભુની અંદર ખૂબ જ પ્રેમ થાય, બીજા કોઈ સંસારી પદાર્થને માટે નહિ પણ પરમાત્માને માટે જ ખૂબ પ્રગાઢ ને પ્રબળ અનુરાગનો ઉદય થાય ત્યારે પ્રેમ કે ભક્તિ થઈ કહેવાય.

કેવળ પ્રભુનું નામ લેવાથી, ટીલાંટપકાં કરવાથી, ભજન-કીર્તન કરવાથી, રામાયણ-ભાગવત જેવા ધર્મગ્રંથોની કથા કરવાથી જ કોઈ ભક્ત બની શકતું નથી. ભક્તિ એટલી સહેલી વસ્તુ નથી. ભક્તિ તો શિરનો સોદો છે. જીવનસટોસટનો વ્યાપાર છે. શેરડીના સાંઠાને પીલીપીલીને તેમાંથી મધુમય રસ કાઢવામાં આવે છે. તેમ ભક્તિના રસને અગ્ર કરવા અતિ પરિશ્રમ કરવો પડે છે. અંગઅંગને ગાળીને તપાવી નાખવું પડે છે. વાસના, વિકાર, અહંતા-મમતાની આહુતિ આપી દિવ્ય ઈશ્વરી પ્રેમના અગ્નિને પ્રજ્વલિત કરવો પડે છે.

ઈશ્વર વિના બીજું કોઈ જ મારું નથી. એ મમતાનો ભાવ હૃદયમાં વ્યાપી જવો જોઈએ. ઈશ્વરના સ્મરણ, મનન અને કીર્તનમાં સ્વર્ગસુખ લાગવું જોઈએ. ભક્તિ કે પરમાત્માનો પરમ પ્રેમ એ તો એક કલ્પવૃક્ષ છે. જેની શીતળ, પાવન છાયા નીચે બેસી માણસના શારીરિક, માનસિક ને આત્મિક ત્રણે જાતના



તાપ અને કલેશ દૂર થઈ જાય છે. માણસની ચંચલતા શમી જાય છે. ને તે સ્વર્ગસુખનો અનુભવ કરે છે.

ભક્તિ કે પ્રેમના આ પારસપથ્થરનો સ્પર્શ કરી કેટકેટલા લોહપુરુષો સુવર્ણ જેવા સુંદર, શુભ્ર, મૂલ્યવાન બની ગયા. કેટકેટલા નારદ, ઉદ્ધવ, શબરી, મીરાં ને ગોપીઓ કૃતાર્થ-ધન્ય બની ગયાં ! આજે પણ કેટલાંય નરનારી આ પ્રેમના મહેરામણમાં ન્હાઈ, મંગળ સ્વરૂપ ધારણ કરીને સંસારમાં શોભી રહ્યાં છે.

પ્રભુપ્રેમની પ્રતીતિ કરી ભક્તને બીજા કોઈયે સંસારના પદાર્થનું સેવન કરવાની જરૂર રહેતી નથી. એનો બધો જ ભાર કૃપાળુ પ્રભુ પોતે ઉપાડી લે છે. તેના તે રક્ષક-પાલક પિતા બની જાય છે.

શાસ્ત્રો અને સંતો સ્પષ્ટ કહે છે : 'જેમનાં અંતઃકરણ નિર્મળ હોય, દુન્યવી આકર્ષણો ઓસર્યાં હોય, જેમનામાં વિવેક, વૈરાગ્ય, શમદમ સુદઢતા પર પહોંચ્યા હોય; જેમને જીવનમાં પરમાત્માને પામવાની જ કામના હોય તેવા વિરલ આત્માઓ પરમાત્માની પ્રેમભક્તિથી સંપન્ન બને છે. એ પરમાત્માના પ્રેમજગતમાં જ જીવે છે ને પરમાત્મા માટે જ શ્વાસ લે છે.'

અલબત્ત, દેવર્ષિ નારદ કહે છે તેમ; 'પ્રકાશતે ક્વાપિ પાત્રે' અર્થાત્ પરમાત્માનો પ્રેમ કે ભક્તિભાવ કોઈક વિરલ આત્મામાં જ પ્રગટે છે.

**—શ્રી યોગેશ્વરજી (સંપાદન)**

આ પ્રકરણને સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

## ॥ ભક્તિ સૌથી સહેલું સાધન ॥

**પ્રશ્ન :** કહે છે ને કે ભક્તિ સૌથી સહેલું સાધન છે ?

**ઉત્તર :** ભક્તિને સહેલું સાધન કહેનારા ભક્તિનો માર્ગ કેટલો બધો કપરો તથા મુસીબતોથી ભરેલો છે તે કદાચ નહિ જાણતા હોય. ભક્તિને તો શીશતણું સાટું કહેવામાં આવી છે. એનો આધાર લેનારને અનેક જાતની મુસીબતોનો સામનો કરવો પડે છે. કષ્ટો વેઠવાં પડે છે. અને ચિંતા તેમ જ અગ્નિ-પરીક્ષામાંથી પસાર થવું પડે છે. મીરાં, નરસિંહ, પ્રહ્લાદ ને તુકારામ જેવા ભક્તાત્માના જીવનનો વિચાર કરો તો સહેજે સમજાશે કે ભક્તિ કોઈ રમત નથી. ને ધાર્યા જેટલી સહેલી પણ નથી. હા, તેને સરળ સાધન અથવા સૌ કોઈને અનુકૂળ આવે એવું સાધન જરૂર કહી શકાય. કેમકે યોગ ને જ્ઞાનના સાધન કરતાં તે વધારે સરળ છે. તથા તેનો લાભ પણ સૌ કોઈ લઈ શકે છે.

**પ્રશ્ન :** કોઈના જીવનમાં સાચી ભક્તિ પ્રકટ થઈ છે એવું ક્યારે સમજી શકાય ?

**ઉત્તર :** એનાં અમુક લક્ષણો છે. જ્યારે સાચી ભક્તિ પ્રકટે છે, ત્યારે ભક્તનું મન સંસારના બધા જ રસ, વિષય, કે પદાર્થોમાંથી પાછું વળીને, કેવળ, ઈશ્વરમાં જ લાગી જાય છે. ઈશ્વર વિના એનું મન બીજા કશાને ભજતું, રટતું, ઝંખતું, અથવા ચાહતું નથી. ઈશ્વરને માટે એ આકુળવ્યાકુળ બની જાય છે. ઈશ્વરનું સ્મરણ કરતાવેંત, ભક્તનું હૃદય ભાવથી ભરાઈ જાય છે, એની આંખમાંથી અનુરાગનાં અશ્રુ ટપકે છે, અને એનું અંગેઅંગ ઈશ્વરને મળવા માટે આતુર બની જાય છે. એવી દશા એક બે દિવસ માટે નહિ, પરંતુ દિવસો, મહિના ને વરસો સુધી



રહે, ત્યારે ભક્તિ થઈ એમ કહેવાય છે. એને પરમપ્રેમનું બીજું નામ પણ આપી શકો.

**પ્રશ્ન :** એવા પ્રેમને પ્રકટાવવાનું કોઈ સાધન ખરું ?

**ઉત્તર :** સાધન કેમ નથી ? ઈશ્વરની સતત તથા સાચા દિલથી થતી પ્રાર્થનાથી એવો પ્રેમ લાંબે વખતે પ્રકટી શકે. ઈશ્વરની પ્રાર્થનાના પરિણામરૂપે ઈશ્વરી પ્રેમ પેદા થાય છે, એ એક હકીકત છે. વળી એવા પ્રેમને જગાડવામાં ભક્તોનો સમાગમ ને ભક્તિભાવથી ભરેલાં પુસ્તકોનો સંગ પણ બહુ ભાગ ભજવે છે.

★

## ॥ ભક્તિથી લૌકિક લાભ ॥

**પ્રશ્ન :** ભક્તિ દ્વારા લૌકિક લાભ મળે ખરો ?

**ઉત્તર :** લૌકિક અને પારલૌકિક બંને પ્રકારના લાભ ભક્તિથી થઈ શકે છે. લૌકિક ઇચ્છાઓ ટપી જાય ને ભક્તનું હૃદય નિર્મળ બની જાય, એવું પ્રભુ ઘણેભાગે કરી દે છે. છતાં કોઈને લૌકિક સુખસંપત્તિની ઇચ્છા હોય તો તે ઇચ્છા પણ ભક્તિ દ્વારા પૂરી થઈ શકે છે. ભક્તિમાં કોઈ રીતે નુકશાન તો નથી જ નથી. નોકરીમાં પગાર મળે. તહેવાર પ્રસંગે બૉણી મળે, ને છેવટે પૅન્શન કે પ્રૉવિડન્ટ ફંડ મળે, તેમ ભક્તિદ્વારા લૌકિક લાભ મળવાની સાથેસાથે મુક્તિ જેવો પારલૌકિક લાભ પણ મળી શકે છે. જુઓ ધ્રુવ ને પ્રહ્લાદને પ્રભુ મળ્યા ને રાજ પણ મળ્યું. પણ તેમને રાજની તમા ન હતી. રાવણે ભક્તિદ્વારા અપાર બલ ને સંપત્તિ મેળવી. ભક્તિ દ્વારા જગતની કોઈ વિનાશી વસ્તુ મેળવવા કરતાં પ્રભુને મેળવવા તે જ સૌથી ઉત્તમ છે. છતાં તમારે લૌકિક લાભની ઇચ્છા હોય તો તે પણ મેળવી

શકાય છે. એમાં સંદેહ નથી. તમારી એવી ભક્તિ સકામ અથવા તો ગીતાની ભાષામાં અર્થાર્થી ભક્તની ભક્તિ કહેવાશે. નિષ્કામ ભક્તિ સૌથી શ્રેષ્ઠ છે ને તે જ કરવા યોગ્ય છે.

★

## ॥ ભક્તિ અને આત્માનુસંધાન ॥

**શંકા :** આત્માનુસંધાન ઉત્તમ કે ભક્તિ ? એટલે કે ભગવાનની ભક્તિ કરવી ઉત્તમ છે કે આત્માનું ચિંતન-મનન અથવા તો ધ્યાન કરવું ઉત્તમ છે ?

**સમાધાન :** તમે બહુ સારો અને જુદી જાતનો પ્રશ્ન પૂછ્યો છે. પરંતુ એના ઉત્તરમાં એટલું જ કહી શકાય કે ભક્તિ અને આત્માનુસંધાન બંને ઉત્તમ છે અને એકસરખાં આશીર્વાદરૂપ ઉપયોગી છે. એ બંનેમાં કોઈ વધારે ઉત્તમ છે એવું નથી. સાધકને એ બંનેમાંથી શું વધારે ગમશે કે પસંદ પડશે એ એની રુચિનો સવાલ છે. પોતાની રુચિ પ્રમાણે એ કોઈ પણ એક ને કે બંનેને પસંદ કરી શકે છે. પણ બંનેની મહત્ત્વતા તો એક સરખી જ છે. શંકરાચાર્ય તો આત્માના અનુસંધાનની પ્રવૃત્તિને એક પ્રકારની ભક્તિ જ કહે છે. એ કહે છે, કે પોતાના સ્વરૂપનું અનુસંધાન એ ભક્તિ જ છે. એ દ્વારા માણસ પોતાના આત્મા કે પરમાત્માને ભજે જ છે. ભક્તિને તમે આત્માનુસંધાનથી અલગ માનતા હો તો પણ, એમાંથી એક ઉત્તમ અને બીજું અનુત્તમ છે એમ માનવું નકામું છે. તમારી પ્રકૃતિ પ્રમાણે તમે જેને પસંદ કરશો ને જેનો આધાર લેશો તે તમારે માટે સર્વોત્તમ બની જશે તથા તમારો આત્મવિકાસ કરનાર સાબિત થશે.

**શંકા :** આત્મવિચાર અને ભક્તિ અથવા આત્માનુસંધાન ને ભક્તિ બંનેનાં ફળ એક જ છે કે જુદાં જુદાં ?



**સમાધાન :** આત્માનુસંધાનથી કયું ફળ મળે છે ? એથી મનની સ્થિરતા સાધી શકાય છે, અને પરમશાંતિની પ્રાપ્તિ પણ થઈ રહે છે. એ જ પ્રમાણે ભક્તિ દ્વારા પણ બીજી કયી ફળપ્રાપ્તિની ઈચ્છા રાખો છો ? એના અનુષ્ઠાનથી પણ મન એકાગ્ર થાય છે, શાંત બની જાય છે. અને ઈશ્વરનો સાક્ષાત્કાર સાધી શકાય છે. એ સાક્ષાત્કાર સગુણ હોય છે. એ સાચું છે, પરંતુ હોય છે તો એ પણ સાક્ષાત્કાર. એટલે ભક્તિ અને આત્માનુસંધાનનાં સાધન જુદાં જુદાં હોવા છતાં એ બંનેનાં ફળ એક જ છે.

**શંકા :** ભક્તિ અને આત્માનુસંધાનનાં સાધનમાં ભેદ કેવી રીતે છે ?

**સમાધાન :** આત્માનુસંધાનમાં પહેલેથી જ આત્માને લક્ષ્ય કરીને, આત્મામાં મન પરોવીને, વૃત્તિને અંતર્મુખ કે આત્માભિમુખ કરીને, ચાલવાનું હોય છે : ત્યારે ભક્તિની સાધનામાં મનને ઈશ્વરની સેવાપૂજા ને ઈશ્વરના નામસ્મરણના કામમાં લગાડવાનું હોય છે. ભક્ત ઈશ્વરને માટે રડે છે, તલસે છે, વ્યાકુળ બનીને જીવે છે, તથા પ્રાર્થે છે, પરંતુ આત્માના અનુસંધાનની સાધનામાં રસ લેનાર તો મોટા ભાગનો વખત ધ્યાનમાં પસાર કરે છે. મન અને બુદ્ધિ, તથા દેશ અને કાળની પારના પ્રદેશમાં પહોંચવાનો એનો પ્રયાસ હોય છે એવી રીતે બંનેનાં સાધનમાં બહારથી જોતાં ભેદ છે.

**—શ્રી યોગેશ્વરજી**

**(ધર્મનો સાક્ષાત્કાર)**

★

## ॥ ભક્તોની પ્રાર્થના ॥

ભક્તોએ ઈશ્વરના નામોનું શ્રદ્ધાભક્તિસહિત સ્મરણ કરીને જ સંતોષ માન્યો છે, પરંતુ પ્રકારાંતરે આડકતરી રીતે સૂચવ્યું છે કે તમારું આવું વિશિષ્ટ નામ છે તો મારી ઉપર કૃપા કરો.

**હે જગમાતા વિશ્વવિધાતા**
**હે સુખશાંતિનિકેતન હે !**

એમાંથી એવો ધ્વનિ નીકળે છે કે હે પ્રભુ, તમે સમસ્ત જગતના ત્રાતા તથા વિધાતા છો તો મારા પણ ત્રાતા બનો. મારા જીવનના સૂત્રધાર થાવ. તમે સનાતન સુખશાંતિના ભંડાર છો. મેં તમારું શરણ લીધું છે તો કૃપા કરીને મને પણ સુખશાંતિ પ્રદાન કરો.

**પ્રેમકે સિંધુ દીનકે બંધુ,**
**દુઃખ દરિદ્ર વિનાશન હે.**

તમે પ્રેમના સિંધુ તથા દીનના બંધુ છો. મારી ઉપર પ્રેમનો વરસાદ વરસાવો. હું તમારું સાચા દિલથી સ્મરણ કરું છું. મારા દુઃખનો ને મારી દરિદ્રતાનો નાશ કરી દો.

**નિત્ય અખંડ અનંત અનાદિ**
**પૂરણ બ્રહ્મ સનાતન હે;**
**જગઆશ્રય જગપતિ જગવંદન,**
**અનુપમ અલખ નિરંજન હે.**
**પ્રાણ સખા ત્રિભુવનપ્રતિપાલક**
**જીવનકે અવલંબન હે !**

તમે જગતના આધાર છો તો મારા આધાર બનો. મને



નિર્મળ કરો. મારા પ્રાણ, સખા, પરમ મિત્ર, પાલક થાવ. મારા જીવનના પરમાધાર બનીને મને બળ, સુખકારી, શાંતિ આપો.

ઉપરથી સીધીસાદી દેખાતી એ પ્રાર્થના એવી રીતે અંતરના અસાધારણ ભાવોની અભિવ્યક્તિની અમોઘ સાધના થઈ રહે છે.

**—શ્રી યોગેશ્વરજી**

**(પ્રાર્થના સાધના છે)**

★

### ॥ ભક્તિના પ્રકાર ॥

**પ્રશ્ન :** ભક્તિના પ્રકાર કેટલા છે તે કહેવાની કૃપા કરશો ?

**ઉત્તર :** ભક્તિના પ્રકાર મુખ્યત્વે તો બે છે. સુગણ અને નિર્ગુણ, અથવા તો સાકાર અને નિરાકાર.

**પ્રશ્ન :** સગુણ અને નિર્ગુણ અથવા તો સાકાર અને નિરાકાર ભક્તિ કોને કહેવાય છે ?

**ઉત્તર :** એનું સ્પષ્ટીકરણ એ નામ પરથી જ મળી રહે છે. પરમાત્માને નિર્ગુણ, નિરાકાર અને સમસ્ત સંસારમાં વ્યાપક સમજીને જે ભક્તિ કરાય છે, તેને નિર્ગુણ કે નિરાકાર ભક્તિ કહેવામાં આવે છે, તથા કોઈ એક કે વિશેષ ગુણથી યુક્ત અથવા તો રૂપથી સંપન્ન સમજીને જે ભક્તિનું આલંબન લેવામાં આવે છે તે ભક્તિને સગુણ કે સાકાર ભક્તિ કહેવામાં આવે છે. બંને પ્રકારની ભક્તિનું ફળ એક જ છે, અને તે પરમાત્માનો સાક્ષાત્કાર છે. એ સાક્ષાત્કારનું સ્વરૂપ જુદું હોય છે. પરંતુ એથી પરમ શાંતિ તથા મુક્તિની પ્રાપ્તિ તો થાય જ છે. એ દૃષ્ટિથી વિચાર કરીએ તો ભક્તિને ઉપાસના કહેવામાં આવે છે તે તદ્દન

સાર્થક ઠરે છે. ઉપાસના શબ્દમાં ભક્તિની ફળપ્રાપ્તિનો ભાવ બરાબર સમાઈ જાય છે. ઉપ એટલે પાસે અને આસ એટલે બેસવું કે આસીન થવું. જે પદ્ધતિ કે સાધનાપ્રણાલિની મદદથી માણસ ઈશ્વરની પાસે પહોંચી શકે, કે આસીન અથવા તો પ્રતિષ્ઠિત થઈ શકે તે પદ્ધતિ કે સાધનાને ઉપાસના કે ભક્તિ કહેવામાં આવે છે.

**પ્રશ્ન :** તમે કહો છો કે બંને પ્રકારની ભક્તિમાં સાક્ષાત્કારનું સ્વરૂપ જુદું હોય છે તો તેનો ભાવાર્થ સમજાવશો ?

**ઉત્તર :** તેનો ભાવાર્થ આટલી ચર્ચાવિચારણા પછી તમે હજુય નથી સમજી શક્યા ? નિર્ગુણ કે નિરાકાર માર્ગની ભક્તિનું આલંબન લેનાર ભક્તને પરમાત્માનો સાક્ષાત્કાર પોતાની અંદર થાય છે. હૃદયપ્રદેશમાં વિરાજેલા પરમાત્માની અનુભૂતિ કરીને એ ધન્ય બને છે. એ જ્ઞાની કે યોગી ભક્તનો માર્ગ પણ કહેવાય છે; નરસિંહ મહેતાની જેમ પછીથી એવો ભક્ત 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જૂજવે રૂપે અનંત ભાસે.' નો અનુભવ કરવા માંડે છે. સમસ્ત બ્રહ્માંડને તે પરમાત્માના આવિર્ભાવ કે પ્રતીકરૂપે માને છે. 'પવન તું, પાણી તું ભૂમિ તું ભૂધરા'નો અનુભવ એને માટે સહજ બની જાય છે. સંસારને એ પરમાત્માથી પૃથક્ નથી માનતો. પરંતુ પરમાત્માના સાકાર સ્વરૂપ તરીકે જ જુએ છે અથવા તો અનુભવે છે. પ્રહ્લાદ, મીરાં તથા ગોપીઓની દશા આવી જ હતી. ભાગવતના ગોપીગીતમાં ગોપીઓએ પોતાની એ ધન્ય દશાનું પ્રતિબિંબ પાડતાં એટલા માટે જ કહ્યું છે કે કૃષ્ણ ! અમે તમને નંદયશોદાના પુત્ર નથી સમજતાં. પણ સમસ્ત વિશ્વના



અંતરાત્મા માનીએ છીએ. ન ખલુ ગોપીકાનંદનો ભવાનખિલ વિશ્વનામંતરાત્મક.

**પ્રશ્ન :** સગુણ કે સાકાર ભક્ત પરમાત્માને એ રીતે સમસ્ત વિશ્વમાં વ્યાપકરૂપે નથી અનુભવતો ?

**ઉત્તર :** અનુભવે છે. આગળ જતાં તો એ પણ એવો અનુભવ કરે છે, અને સંત તુલસીદાસની જેમ પોતાના ઉપાસ્યને ચરાચર જગતમાં બધે જ જુએ છે. તુલસીદાસે કહ્યું છે ને કે, સમસ્ત જગતને સીતા ને રામમય જાણીને બે હાથ જોડીને પ્રણામ કરું છું. એ વચનમાં એમની વ્યાપક વિશ્વરૂપ દૃષ્ટિની ઝાંખી થાય છે. ભક્તની દૃષ્ટિ એવી જ વિશાળ તથા વ્યાપક હોય છે. પરંતુ સગુણ ભક્તિ શરૂઆતમાં તો ઈશ્વરના કોઈ એક સાકાર સ્વરૂપમાં પોતાના મનને એકાગ્ર કરે છે. ઈશ્વરનું સાકાર દર્શન કરવાની ઇચ્છા રાખે છે. ઝંખના કરે છે, ને એ માટે પ્રાર્થના, જપ કે આરાધના કરે છે. એનો સ્વભાવ જ એવો હોય છે કે ઈશ્વરના સાકાર સ્વરૂપનું દર્શન ના કરે ત્યાં સુધી એને શાંતિ નથી મળતી કે ચેન નથી પડતું. એ રીતના સાક્ષાત્કારની ભાવનાથી જ એ ભક્તિ કરે છે. એટલે છેવટે એને ઈશ્વરના સાકાર દર્શનનો આનંદ મળી રહે છે. એવી રીતે સગુણ તથા નિર્ગુણ ભક્તના પ્રારંભના સાક્ષાત્કારના સ્વરૂપમાં તત્ત્વનો ફેર પડે છે. એ ફેર મૂળભૂત, છેવટનો નથી, પરંતુ શરૂઆતનો છે એ ખાસ યાદ રાખવાનું છે.

**—શ્રી યોગેશ્વરજી**

**(ધર્મનો સાક્ષાત્કાર)**

## ॥ ભક્તિવિષયક પ્રશ્નોત્તરી ॥

**પ્રશ્ન :** ભક્તિની સાધનાને સર્વોત્તમ કહેવામાં આવે છે તેનું શું છે ? જ્ઞાન અને યોગની સાધના કરતાં એનું સ્થાન શું ઊંચું છે ?

**ઉત્તર :** જ્ઞાન અને યોગની સાધના કરતાં ભક્તિની સાધનાનું સ્થાન ઊંચું છે. એવું તો કેવી રીતે કહી શકાય ? જ્ઞાન, ભક્તિ ને યોગ પ્રકારની સાધના સાધના જ છે એમાં કોઈ ઉત્તમ છે અને બીજી અધમ કે કોઈ અસાધારણ છે અને બીજી સાધારણ એવો પ્રશ્ન જ નથી. બધી જ એકસરખી ઉપયોગી છે તથા એકસરખી શક્તિ તેમ જ શક્યતા ધરાવે છે. એટલે એ બધી જ સાધનાઓ તરફ એકસરખા આદરથી જોવાની જરૂર છે. ભક્તિની સાધનાને સર્વોત્તમ કહેવામાં આવે છે એ સાચું માનીએ તો પણ યોગીઓ યોગની સાધનાને અને જ્ઞાનીઓ જ્ઞાનની સાધનાને એવી જ રીતે સર્વોત્તમ માને છે એનું કારણ એમનો એ સાધનાઓ પ્રત્યેનો પ્રેમ કે આદરભાવ છે. એ મુદ્દાને લઈને કોઈએ ઉચ્ચ-નીચના નાહક વાદવિવાદમાં નથી પડવાનું. સાધકે તો નહિ જ.

**પ્રશ્ન :** તો પછી ભક્તિ બધાં સાધનો કરતાં ઉત્તમ છે એવું કહેવાની પ્રથા કેમ પડી ગઈ છે ?

**ઉત્તર :** તેનું કારણ જરા જુદું છે. ભક્તિની અંદર યોગ કે જ્ઞાન જેવાં બીજા સાધનોની સરખામણીમાં જ કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ છે. તે જ તેમાં કારણભુત છે એ વિશેષતાઓને લક્ષમાં લઈને જ દેવર્ષિ નારદ જેવા મહાસમર્થ ઈશ્વરીકૃપાપાત્ર સંતે પોતાનાં ભક્તિસૂત્રોમાં सा तु, सामयोगकर्मे भ्योढधिकतरा ! એટલે કે ભક્તિ જ્ઞાન, યોગ તથા કર્મ કરતાં પણ અધિક છે એમ



કહીને ભક્તિની મહત્તા કહી બતાવી છે.

**પ્રશ્ન :** એ વિશેષતાઓનું વર્ણન કરી બતાવશો ?

**ઉત્તર :** જરૂર. એમનો ચિતાર સંક્ષેપમાં આપી શકાય ખરો. ભક્તિની સાધનાની સૌથી પહેલી નોંધપાત્ર વિશેષતા તો એ છે કે ભક્તિ સર્વસુલભ છે. આબાલવૃદ્ધ, બધાં જ એનો આધાર લઈ શકે છે. યોગની સાધના મોટે ભાગે યુવાનો માટે જ છે. તે ઉપરાંત, તેમાં નિરોગી લોકોનું કામ છે. આહાર અને વિહારના કેટલાક કડક નિયમોનું પાલન પણ તેમાં કરવું પડે છે. જ્ઞાનની સાધના પણ મોટેભાગે ચિંતન-મનનમાં કુશળ, મેધાવી પુરુષોને માટે જ છે. પરંતુ ભક્તિસાધનામાં મંગલ મંદિરના દ્વાર તો કુશાગ્ર બુદ્ધિવાળા અને સામાન્ય બુદ્ધિના, રોગી અને નિરોગી, સૌ કોઈને માટે ઉઘાડાં છે. એનો લાભ સૌ કોઈ લઈ શકે છે. આહારવિહારના કડક નિયમોનું પાલન પણ એમાં નથી કરવું પડતું, એની સાધનાનો અભ્યાસક્રમ પણ એટલો બધો અટપટો નથી. એનો અભ્યાસક્રમ સરળ, સીધો અને સચોટ છે. વળી એમાં બાહ્ય ત્યાગનું મહત્ત્વ એટલું બધું નહિ હોવાથી, લૌકિક વ્યવહારની વચ્ચે રહીને, પોતાના કર્તવ્યો કરતાં કરતાં પણ માણસ એનો આધાર લઈ શકે છે. એ દૃષ્ટિએ જોતાં, આજના કર્મપ્રધાન યુગને માટે એવો અનુકૂળ સાધનામાર્ગ બીજો એકે નથી. જ્ઞાન અને યોગનો સ્વાદ એના અનુષ્ઠાનથી આપોઆપ મળી રહે છે એ ભાવાર્થમાં તમે ભક્તિને ઉત્તમ કહી શકો.

**પ્રશ્ન :** ભક્તિના અનુષ્ઠાનથી જ્ઞાન અને યોગ બંનેનો આસ્વાદ આપોઆપ મળી રહે છે તે કેવી રીતે તે સમજાવશો ?

**ઉત્તર :** એ હકીકત જો થોડીક શાંતિપૂર્વક વિચારવામાં આવે

તો સહેલાઈથી સમજી શકાય તેવી છે. ભક્તિની સાધના કરતાં કરતાં ક્રમેક્રમે હૃદયની નિર્મળતા સધાતી જાય છે અને એવા નિર્મળ હૃદયમાં પરમાત્માને માટેનો પ્રેમ પેદા થાય છે. એ પ્રેમ જેમ જેમ પ્રબળ બનતો જાય છે તેમ તેમ, ભક્ત પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચતો જાય છે, તથા એક એવી અલૌકિક અવસ્થા પર આસીન થાય છે કે જ્યારે જડ અને ચેતનમાં બધે જ એને પરમાત્માની ઝાંખી થાય છે. સંસારમાં જે કાંઈ છે તે બધું જ એને પરમાત્માના પ્રતીક જેવું લાગવા માંડે છે. સંસારના જુદા જુદા પદાર્થોની બાહ્ય વિભિન્નતાની અંદર રહેલી આત્માની અખંડ અભિન્નતાનું એ દર્શન કરે છે. અને એવી રીતે જ્ઞાનના સર્વાત્મભાવના પ્રદેશમાં પહોંચી જાય છે નરસિંહ મહેતા જેવા ભક્તશિરોમણી સંતપુરુષે જ્ઞાનના એ પવિત્ર પ્રદેશમાં પહોંચીને સ્વાભાવિકરૂપે જ ગાયું છે કે 'અખીલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે.' એનાથી વિશેષ જ્ઞાન બીજું કયું જોઈએ ? એ આત્મજ્ઞાન અથવા તો તત્ત્વજ્ઞાનનો અર્ક છે, સાર છે, નિષ્કર્ષ છે. એ જ્ઞાનની પ્રાપ્તિને માટે ભક્તને જ્ઞાનના કોઈ ગ્રંથો નથી વાંચવા પડતા. એ જ્ઞાન તો એના અંતરમાંથી આપોઆપ જ આવિર્ભાવ પામે છે.

એની અનુભૂતિ એને સ્વતઃ જ થતી હોય છે.

**પ્રશ્ન :** ભક્તિ દ્વારા જ્ઞાનનો આસ્વાદ આપોઆપ મળે છે એ વાત તો સમજાઈ ગઈ, પરંતુ યોગનો આસ્વાદ કેવી રીતે મળે છે ?

**ઉત્તર :** એ વાત યોગના મર્મને જો તમે જાણતા હશો તો સારી પેઠે સમજી શકશો. યોગ શાને માટે કરવામાં આવે છે, યોગ શું છે, અથવા તો યોગનું રહસ્ય શું છે, એનો વિચાર કરો



તો એ પ્રશ્ન જ નહિ રહે. યોગમાં મુખ્યત્વે મનની શુદ્ધિ, મનની સ્થિરતા તથા મનની શાંતિ દ્વારા સ્વરૂપના સાક્ષાત્કાર માટે પ્રયાસ કરવામાં આવે છે. એને માટે જ યમનિયમ, આસન તથા પ્રાણાયામ અને ધ્યાન જેવાં સાધનોનો આધાર લેવામાં આવે છે. ભક્તિની સાધનાનો આશ્રય લેવાથી મનની શુદ્ધિ તો સધાય છે જ, પરંતુ લાંબે વખતે મનની સ્થિરતા પણ સહજ થાય છે, અને છેવટે ભક્તના અંતરમાં ઈશ્વરપ્રેમનો ઉદય થતાં, ભક્ત ઈશ્વરના સ્મરણ-મનનમાં એવો તો ડૂબી જાય છે કે ઈશ્વરના ધ્યાનની તન્મયાવસ્થા એને માટે અત્યંત સ્વભાવિક બની જાય છે એ ભાવસમાધિનો સ્વાદ ચાખે છે, એનું મન શાંત થાય છે, અને આખરે એ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી લે છે. એવી રીતે ભક્તિમાર્ગના સાધકને યોગની સાધનાનો મર્મ આપોઆપ મળી રહે છે ભક્ત પોતે પસંદ કરેલી ભક્તિની સાધનાને વળગી રહે એટલું એને માટે પૂરતું છે. જ્ઞાન તથા યોગ બંનેનું ફળ એ સાધનાના અનુષ્ઠાનથી એ ચાખી શકશે અને પોતાનું જીવનસાર્થક્ય પણ કરી લેશે.

**—શ્રી યોગેશ્વરજી**
(ઈશ્વરદર્શન)

'જ્યારે ભક્તિના કીમિયાથી મનુષ્યના હૃદયમાં શુદ્ધ પ્રેમ પ્રકટ થાય છે ત્યારે મનુષ્ય, મનુષ્ય મટી દેવ બની જાય છે.'

**—સ્વામી રામદાસ**

# ॥ જ્ઞાન અને ભક્તિ ॥

જ્ઞાન અને ભક્તિનો મર્મ સમજાવતાં તુલસીદાસજીએ કાકભુશુંડજી દ્વારા કેટલોક સરસ સ્વાનુભવપૂર્ણ ઉપદેશ આપ્યો છે એનો સાર સમજવા જેવો છે. જ્ઞાન અને ભક્તિ બંને શોક, મોહ, કલેશ અથવા અજ્ઞાનમાંથી મુક્ત કરે છે અને શાંતિ આપે છે. સંસારમાં સર્વત્ર દેખાય છે કે સ્ત્રી સ્ત્રીના સ્વરૂપને નિહાળીને મોહાતી કે ભાન ભૂલતી નથી.

**મોહ ન નારિ નારિકે રૂપા**
**પન્નગારિ યહ રીતિ અનૂપા.**

ભક્તિ અને ભગવાનની માયા બંને સ્ત્રીજાતિ છે. એટલે બંને એકમેકથી દૂર રહે છે. એમને એકમેકનો મોહ થતો નથી. એમાંય વળી ભક્તિ ભગવાનને અતિશય પ્રિય હોવાથી ભગવાન ભક્તિને અનુકૂળ છે જ્યાં ભક્તિ હોય છે ત્યાં ભગવાનની કૃપાવર્ષા થાય છે ને ભગવાન પોતે પણ દૂર રહી શકતા નથી. ભગવાનનો સાચો ભક્ત માયાના પ્રભાવમાં નથી પડતો. ભગવાન એની રક્ષા કરે છે. ભગવાનની શરણાગતિનો ને સુરક્ષાશક્તિનો લાભ એને સહેલાઈથી અને આપોઆપ મળી રહે છે.

જ્ઞાન અને ભક્તિના મર્મસંબંધી એક બીજી વાત પણ જાણવા જેવી છે. જીવ ઈશ્વરનો અંશ છે, અવિનાશી, ચેતન, મળરહિત અને સહજ સુખસ્વરૂપ છે. એ પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલીને કોઈ કારણે એથી ચ્યુત થઈને માયામાં પડ્યો છે ને દુઃખી બન્યો છે. અવિદ્યાયુક્ત વાસનાગ્રંથિથી બંધાયો છે એ ગ્રંથિ કેવી રીતે છૂટી શકે ? એને છોડવાના કેટલાય પ્રયત્નો કરવામાં આવે છે. શાસ્ત્રો તથા સંતોએ એમાંથી મુક્તિ મેળવવાના જુદા જુદા ઉપાયો બતાવ્યા છે. એમાં આત્મજ્ઞાનનો



ઉપાય મુખ્ય છે. હૃદયમાં સાત્વિક શ્રદ્ધારૂપી ગાયનો વાસ થાય, તે વિશુદ્ધ આચારવિચાર અને નિયમપાલનનું ઘાસ ખાય, ભાવરૂપી વાછરડાથી સંપન્ન બને, એને વિશ્વાસના વાસણમાં નિર્મળ મનરૂપી ભરવાડ દ્વારા દોહવામાં આવે, પરમધર્મરૂપી પયને પ્રાપ્ત કરાય, એને નિષ્કામ ભાવના અગ્નિ દ્વારા ગરમ કરવામાં અને સંતોષ, ક્ષમા તથા ધીરજની મદદથી જમાવવામાં આવે એ આવશ્યક છે એ પછી વિમલ વૈરાગ્યરૂપી માખણ મળે છે. પછી યોગાગ્નિ દ્વારા જ્ઞાનરૂપી ઘીની પ્રાપ્તિ કરવાની હોય છે. ત્રણ ગુણ તથા ત્રણ અવસ્થા પર સંયમ સાધી દીવેટ બનાવવી પડે છે. ત્યારે ચિત્તરૂપી દીપકમાં વિજ્ઞાનમય પરમ પ્રકાશ પ્રકટ થાય છે. એવી રીતે અવિદ્યાની ગ્રંથિને તોડીને શોક, મોહ, માયામાંથી મુક્તિ મેળવીને જીવ કૃતાર્થ થાય છે. પરંતુ ગ્રંથિને તોડવાનો સમય સમીપ આવ્યો છે એવું જાણીને માયા રિદ્ધિસિદ્ધિનાં ને બીજાં પ્રલોભનોને બતાવીને વિક્ષેપ કરવાની કોશિશ કરે છે. એ વખતે જ્ઞાની જો જરાપણ ગાફેલ હોય તો લાંબા વખતની મહેનત માટીમાં મળે છે. દીપક ઓલવાઈ જાય છે. જીવ મોહમગ્ન તથા બેચેન બનીને ફરી પાછો જન્મમરણના ચક્રમાં ક્લેશને ભોગવતાં ફરવા માંડે છે. માયાની પાર પહોંચવાનું એને માટે મુશ્કેલ બની જાય છે.

**તબ ફિર જીવ વિવિધ વિધિ પાવઈ સંસૃતિ ક્લેશ**
**હરિમાયા અતિદુસ્તર તરિ ન જાઈ વિહ્ગેશ.**

જ્ઞાનનો માર્ગ થોડોક કઠિન છે. એ માર્ગે આગળ ચાલતાં જો અભિમાન થઈ આવે. વાણીવિલાસમાં પડી જવાય, અને બૌદ્ધિક જ્ઞાનને જ સર્વકાંઈ સમજી લેવાય, તો વિકાસ અધવચ્ચે જ અટકી જાય છે. ભક્તિમાં એને માટેની શક્યતા અત્યંત ઓછી હોય છે. ભક્તિની મદદથી અવિદ્યાની ગ્રંથિનું ભેદન અનાયાસે

અને આપોઆપ થઈ જાય છે, અને શોક-મોહ-અશાંતિમાંથી મુક્તિ મળે છે. મુક્તિ તો ભક્તિની સખી હોઈને એની સાથેસાથે ચાલે છે. જેના અંતરમાં ભગવાનની ભક્તિ હોય છે તેને પ્રતિપળે ને પ્રત્યેક સ્થળે પરમપવિત્ર પ્રેરણા, પ્રકાશ અને પ્રશાંતિ મળે છે એના અંતરને અવિદ્યાની અસર નથી થતી એ સર્વ પ્રકારના દુઃખથી છૂટી જાય છે. એ ભક્તિની પ્રાપ્તિ સંતપુરુષોના સુખદ સમાગમથી અને ભગવાનની કૃપાથી થઈ શકે છે.

ભક્તિ ભગવાન તરફ અભિમુખ કરે છે. વિષયાભિમુખ જીવ જ્યાં સુધી ભગવાન તરફ અભિમુખ બને નહિ ત્યાં સુધી સુખશાંતિથી સંપન્ન ના થઈ શકે ભારતીય સંસ્કૃતિના એ સર્વોપયોગી શાશ્વત સંદેશને રામાયણ જેવાં શાસ્ત્રોએ મૂર્તિમંત કર્યો છે. એની આવશ્યકતા આજે પણ એટલી જ છે.

ધર્મ અથવા સાધનાનાં જુદાં જુદાં સાધનો આત્મા અથવા પરમાત્મા પ્રત્યે અભિમુખ થવામાં મદદ કરે છે. જપ, ધ્યાન, સ્વાધ્યાય, સત્સંગ, તીર્થાટન, શરૂઆતમાં સમજ્યા સિવાય રસ, રહસ્યજ્ઞાન અને એકાગ્રતા વિના કરવામાં આવે તોપણ તદ્દન નિરર્થક નથી થતાં. વહેલી કે મોડી એ એમની અસર કરે જ છે. મોટા ભાગના સાધકોને શરૂઆતમાં સાધનાની નકલ કરવી પડે છે. નકલ કરતાં કરતાં આખરે અસલ થાય છે. મસૂરીમાં અમારે ત્યાં એક દૂધવાળો આવતો. એ દેખાવમાં ગરીબ જેવો, એકદમ સાધારણ વસ્ત્રો પહેરીને આવતો હોવા છતાં હાથે સુંદર ઘડિયાળ બાંધતો. એક દિવસ મેં એને પૂછ્યું કે ઘડિયાળ કેટલામાં લીધી, તો એણે કહ્યું બસ્સો રૂપિયામાં. મેં પૂછ્યું. બરાબર ચાલે છે ? જવાબમાં એણે મને ઘડિયાળ બતાવ્યું મેં પૂછ્યું, કેટલા વાગ્યા છે ? ઘડિયાળ તો આગળ ચાલે છે. એણે કહ્યું કે તો પછી તમે એને



બરાબર કરી દો. મને ટાઈમની ખબર નથી પડતી.

તો પછી પહેર્યું છે શા માટે ?

શોખ ખાતર. અમારી તરફ હવે બધા જ પહેરવા માંડયા છે એટલે હું પણ પહેરું છું. સ્ત્રીઓ પણ ઘડિયાળ પહેરનારા પુરુષને વધારે પસંદ કરે છે.

પરંતુ ઘડિયાળને જોતાં તો આવડતું નથી !

એથી શું ? બીજાને તો જોતાં આવડે છેને ? ટાઈમ જોવો હોય છે ત્યારે બીજાને પૂછી લઉં છું બીજા પાસે કાંટાને પણ ફેરવાવું છું.

એના કરતાં ઘડિયાળ ના પહેરે તો ના ચાલે ?

ના. પહેરવા ખાતર તો ખરીદ્યું છે. એ તો ધીરેધીરે હું એને જોતાં ને વાપરતાં પણ શીખી જઈશ.

ઘડિયાળની પેઠે રેડિયાના શોખપણ વધતા જાય છે. સાધારણ આવકવાળા માણસો પણ ટ્રાન્ઝીસ્ટર સાથે ફરવા નીકળે છે. એમની રસવૃત્તિ મંદ હોય છે; પ્રદર્શનવૃત્તિ જ વધારે હોય છે. કોઈપણ એક સ્ટેશન ચાલુ કર્યા પછી, જાણે કે અવાજ કરવામાં જ રસ હોય તેમ, એ સ્ટેશનને એ વગાડ્યા કરે છે. પેલા ઘડિયાળવાળાની જેમ એમની અંદર પણ જો અભિરુચિ હોય તો ધીરે ધીરે રસવૃત્તિ પેદા થાય છે. પછી એ રસવૃત્તિને પોષનારા કાર્યક્રમને જ સાંભળે છે. સાધનાના જુદા જુદા અભ્યાસક્રમોનું અથવા અંગોનું પણ એવું જ સમજવાનું છે. મને કે તમને, જાણ્યે કે અજાણ્યે, રસસહિત કે રસ વગર પણ એમનો આધાર લેવાથી લાંબે વખતે લાભ જ થાય છે. કશું પણ નકામું નથી જતું.

**—શ્રી યોગેશ્વરજી**

**(શ્રી રામકથામૃત)**

## ॥ અસંગશસ્ત્રની અનિવાર્યતા ॥

શ્રીમદ્ભગવદ્ગીતાના પંદરમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને, અને એની દ્વારા સમસ્ત જનસમાજને, એક નવા જ શસ્ત્રના ઉપયોગની ભલામણ કરી છે. એ વખતના, આજના અને સર્વકાળના સંસારને માટે એ શસ્ત્ર ભારે અજાયબીમાં નાખી દે એવું, અસરકારક, અવનવું અથવા અનોખું છે. એ શસ્ત્ર કયું છે તે જાણો છો ? અસંગશસ્ત્ર. ભગવાન શ્રીકૃષ્ણે એને વાપરવાની ભલામણ કરતાં કહ્યું છે કે આ સંસારરૂપી વૃક્ષની શાખાઓ ઉપર અને નીચે બધે જ ફેલાયેલી છે. તે શાખાઓ પ્રકૃતિના ત્રણ ગુણોથી ફાલેફૂલે છે. એ વિશાળ સંસારવૃક્ષના આદિઅંતનો તથા રૂપનો તાગ સહેલાઈથી નથી મેળવી શકાતો. એનો પાર પામવાનું કામ અતિશય કપરું છે. કેવળ અસંગશસ્ત્રથી જ એ વૃક્ષનું છેદન કરી શકાય છે. માટે અસંગશસ્ત્રને ધારણ કરીને એને કાપવા કે નિર્મૂળ કરવા માટે તૈયાર થઈ જવું. અસંગશસ્ત્રથી સજ્જ થનાર વિવેકી પુરુષને એ વૃક્ષનો ભય નથી રહેતો.

★

પરંતુ અસંગશસ્ત્ર એટલે શું ? માણસો કહે છે કે આ શસ્ત્ર તો તદ્દન નવું છે. આ શસ્ત્ર વિશે તો અત્યાર સુધી સાંભળ્યું જ ન હતું. બીજા ઘણાંયે શસ્ત્રોનાં નામ સાંભળ્યાં છે પરંતુ આ શસ્ત્ર તો કોઈ જુદી જ જાતનું લાગે છે ! ગીતાએ વળી આવું શસ્ત્ર ક્યાંથી કાઢ્યું ? બરાબર છે. શસ્ત્ર જુદી જ જાતનું છે એ સાચું છે, છતાં પણ ખૂબ જ ઉપયોગી, આવશ્યક અથવા કીંમતી છે, તેથી તેનો



પરિચય કર્યા વિના નહિ ચાલે. તેની માહિતી મેળવવી જ પડશે. બીજાં શસ્ત્રોની જેમ આ અસંગશસ્ત્ર કોઈ યુદ્ધભૂમિમાં લડવા માટે કામ લાગનારું બહારનું શસ્ત્ર નથી, પરંતુ અંદરનું શસ્ત્ર છે. એની ઉત્પત્તિ મનની અંદર થાય છે, અને મનની અંદર જ એનો વાસ હોય છે. કોઈ બહારની યુદ્ધભૂમિમાં નહિ, પરંતુ અંદરની યુદ્ધભૂમિમાં જે સનાતન સંઘર્ષ ચાલ્યા કરે છે તેમાં લડવા માટે એ કામ લાગે છે, મનને દ્વંદ્વોથી મુક્ત કરે છે, અહંતા, મમતા અને આસક્તિના પાશમાંથી છોડાવે છે, શાંતિ આપે છે, પરમાત્માપરાયણ કરે છે, અને સંસારમાં રહેવા છતાં માણસના મન અને અંતરને એ સંસારથી પર રાખે છે, અને સંસારના સુખાસ્વાદમાં સંતૃપ્ત થઈને ભાન ભૂલીને બેસી રહેતાં બચાવે છે. એની આગળ એ જીવનની પૂર્ણતાના મૂળભૂત ને મહાન ધ્યેયને રજૂ કરે છે એટલું જ નહિ, પણ એ ધ્યેય તરફ આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે છે ને શક્તિ આપે છે. એ શસ્ત્રનો સમ્યક્ ઉપયોગ કરનારની દશા કેવી અનેરી થઈ જાય છે તે જાણો છો ? પેલા પ્રખ્યાત ભક્ત કવિએ પોતાની એવી જ પ્રસિદ્ધ કાવ્યપંક્તિમાં કહ્યું છે કે ‘અગ્નિને ઉધેઈ ન લાગે, મહામણિને મેલ જોને’ તેના જેવી. અગ્નિને ઉધેઈની અસર નથી થતી, ને મહામણિને મેલ નથી લાગતો, તેવી રીતે એ શસ્ત્રના પ્રયોગમાં સિદ્ધહસ્ત થનાર પુરુષને સંસ્કારનો મેલ નથી લાગતો અને સંસારની ઉધેઈની અથવા તો વિકૃતિઓની અસર પણ નથી થતી. એ એમનાથી અલિપ્ત રહે છે. ગીતાના બીજા અધ્યાયની ભાષામાં કહીએ તો એ સ્થિતપ્રજ્ઞ બની જાય છે. ગુરુ નાનક એવા પુરુષના પરિચય આપતાં કહે છે કે,

**અકલ કલા ખેલત નર જ્ઞાની.**
**જૈશે નાવ ચલે ચારોં દિશ,**
**ધ્રુવતારો પર રહત નિશાની,**
**અકલ કલા ખેલત નર જ્ઞાની.**

પાણીમાં નાવ ફાવે ત્યાં ફરે છે, પરંતુ એનું નિશાન હંમેશાં ધ્રુવતારા તરફ રહેતું હોય છે, તેવી રીતે અસંગશસ્ત્રવાળો પુરુષ સંસારમાં રહીને અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરતો હોય તોપણ, એનું લક્ષ્યસ્થાન એક ઈશ્વર જ રહે છે, એનું મન પરમાત્મામાં જ રહે છે, એની પ્રવૃત્તિઓ પરમાત્માની પ્રસન્નતાને માટે જ થતી હોય છે, એ સંસારના પદાર્થો કે વિષયોમાં બંધાઈ નથી જતો, મોહાંધ નથી થતો, અને પોતાના જીવનધ્યેયનું તથા પરમાત્માનું વિસ્મરણ પણ નથી કરતો. એવું વિસ્મરણ એ કરી જ નથી શકતો. એ જાણે છે કે સંસાર ગમે તેવો આકર્ષક અને સુખદાયક હોવા છતાં સ્થાયી નથી, પરિવર્તનશીલ છે, અને એક દિવસ એમાંથી ચાલતી પકડવાની છે. એટલે જીવનનો જે સોનેરી સમય મળ્યો છે તે સમય સંસારમાં ભાન ભૂલીને બેસી રહેવાને બદલે, પોતાના ને બીજાના હિતને માટે જ વાપરવો જોઈએ. એવી ઊંડી ને સાચી સમજણથી પ્રેરાઈને તે પોતાની પ્રવૃત્તિઓનું ચક્ર ગોઠવતો હોય છે, અને કાર્યક્રમ પણ એને સહાયક થાય એવી રીતે જ યોજતો હોય છે. સંસારમાં તે જીવે છે અને વિવિધ વ્યવહારમાં ભાગ પણ લે છે, પરંતુ ભ્રાંત બનીને નહિ પણ તદ્દન તટસ્થ રહીને કે સાક્ષીરૂપ થઈને. જીવનના રહસ્યમય નાટકનો એ કુશળ છતાં સદાયે સાવધ અને અલિપ્ત અભિનેતા બની રહે છે. એના સારાનરસા, સુખદ કે દુઃખદ,



અનુકૂળ કે પ્રતિકૂળ પાઠથી પ્રભાવિત થઈને એ ભાન નથી ભૂલી જતો. પરિણામે એ જીવનનો, જીવનના વ્યવહારનો ને સંસારનો સાચો આનંદ લૂંટી શકે છે, અને એનો લાભ લઈને પોતાનું સાર્થક્ય કરે છે.

આટલા સ્પષ્ટીકરણ પછીથી હવે અસંગશસ્ત્રનો અર્થ બરાબર સમજાઈ ગયો હશે. એ શસ્ત્રથી થતા લાભનો ખ્યાલ આવ્યો હશે, અને એ શસ્ત્રની ઉપયોગિતા પણ સમજાઈ હશે. અસંગશસ્ત્ર એ બીજું કોઈ જ શસ્ત્ર નથી પણ સંગદોષથી બચાવનારું અનાસક્તિનું શસ્ત્ર છે તેની સ્પષ્ટતા કરવાની હવે બાકી નહિ રહી હોય. માણસ સંસારના જે પદાર્થો, વિષયો, પ્રસંગો તથા સંજોગોની અસર નીચે આવે છે એની સારીમાઠી છાપો એના પર પડ્યા કરે છે : એ છાપોની પ્રતિક્રિયારૂપે એ સુખીદુઃખી પણ થતો હોય છે, સંકલ્પવિકલ્પ ને વાસનાથી યુક્ત બને છે, અને બંધનોમાં બંધાય છે. હર્ષ ને શોક, અહંતા અને મમતા, તથા રાગ અને દ્વેષ એને ઘેરી વળે છે. એનું નામ જ વિશાળ શાખાવાળો સુદૃઢ સંસાર. એ જેમ બહાર છે તેમ અંદર પણ છે. અંદર તો એનું મૂળ છે એમ કહીએ તો ચાલે. એ સંસારને નિરર્થક કે નહિવત્ કરવાને માટે અસંગશસ્ત્રનો પ્રયોગ કરવાનો છે. એ શસ્ત્રના ઉપયોગમાં ક્રમેક્રમે સિદ્ધહસ્ત બનવાનું છે. એવી સિદ્ધહસ્તતા પ્રાપ્ત કરીને સંસારના સંજોગો, પ્રસંગો, વિષયો ને પદાર્થોની પ્રતિક્રિયામાંથી મુક્તિ મેળવવાની છે. એ પ્રતિક્રિયા આપણને ચંચલ ના કરે, વ્યગ્ર ના બનાવે, આપણી માનસિક સ્વસ્થતા ને શાંતિનો નાશ ના કરી નાખે, અને જીવનના પુણ્યમય પ્રવાસના અંતિમ આદર્શની વિસ્મૃતિ ના કરી

દે, એ જોવાનું છે. એટલી સિદ્ધિ થઈ જાય એટલે થયું.

એવી સિદ્ધિ કાંઈ ચપટી વગાડતામાં કે સહેજમાં નહિ મળે. એને માટે લાંબો વખત લાગશે, અથવા તો એ લાંબા વખતનો એકધારો પરિશ્રમ માગશે. પરંતુ એનો વિચાર કરીને બેસી રહેવાથી કાંઈ ધારેલો હેતુ સરશે કે ? અસંગશસ્ત્રમાં સિદ્ધહસ્ત બનવાનું કામ ગમે તેવું કપરું હોવા છતાં મહત્ત્વનું છે, માટે કરવું જ રહેશે. સંસારના સાચો આનંદ એ પછી જ મળી શકશે. આજના જમાનામાં જ્યારે માણસો સંસારમાં ગળાડૂબ ડૂબી રહ્યા છે, અને એમાંના કેટલાક સંસારમાં રહ્યા છતાં એમાંથી ઊગરવાની આશા રાખી રહ્યા છે, ત્યારે અસંગશસ્ત્રની અનિવાર્યતા કેટલી મોટી છે તે તો સહેલાઈથી સમજી શકશો. અસંગશસ્ત્ર જ એમને ઉગારી શકશે, ને સલામત પણ એ જ રાખી શકશે, એમાં સંદેહ નથી.

**—શ્રી યોગેશ્વરજી**

**(આત્માની અમૃતવાણી)**

'અશાંતિને ખોળમાં લઈને બેઠા હોઈએ પછી શાંતિ મળે કેવી રીતે ? શુદ્ધ ચૈતન્યને રાખી રહીએ તો જ 'અખંડ શાંતિ' મળે. એ સિવાયના બધા વિષયો 'ખંડ શાંતિ' છે.'

**—શ્રી શ્રી મા આનંદમયી**



# ॥ ઈશ્વરનું દર્શન ॥

**પ્રશ્ન :** ઈશ્વરનું દર્શન કેવી રીતે એટલે કે કયા સાધનથી કરી શકાય ?

**ઉત્તર :** ઈશ્વરના દર્શન માટેનું સૌથી આવશ્યક અકસીર અમોઘ સાધન ઈશ્વર માટેનો પરમપવિત્ર પ્રબળ પ્રેમ છે.

**પ્રશ્ન :** ઈશ્વરનું દર્શન ધ્યાન, જ્ઞાન અને ભક્તિથી ના થઈ શકે ?

**ઉત્તર :** થઈ શકે, પરંતુ એ સર્વે જુદાં જુદાં દેખાતાં સાધનોના મૂળમાં પરમાત્માને માટેનો પ્રેમ હોવો જોઈએ, અને એ સાધનોના પરિણામે પણ પાર વિનાનો પરમાત્મપ્રેમ પ્રગટવો જોઈએ.

**પ્રશ્ન :** ઈશ્વરના દર્શનની સાધનામાં જીવનની વિશુદ્ધિનું મહત્ત્વ ખરું કે નહિ ?

**ઉત્તર :** ઈશ્વરના દર્શનની સાધનામાં જીવનની વિશુદ્ધિનું મહત્ત્વ અનિવાર્ય છે. મનની ને બાહ્ય જીવનની વિશુદ્ધિ વિના ઈશ્વરને માટેના પરમ પવિત્ર પ્રબળ પ્રેમનો પ્રાદુર્ભાવ થઈ શકે નહિ. એટલે જીવનની વિશુદ્ધિની ઉપેક્ષા કદાપિ ના થઈ શકે.

**પ્રશ્ન :** ઈશ્વરના પરમપવિત્ર પ્રબળ પ્રેમને પ્રકટાવવા અને વધારવા માટે શું કરવું જોઈએ ?

**ઉત્તર :** એને માટે નિયમિત રીતે અંતરના ઊંડાણમાંથી કરાતી પ્રાર્થનાનો આધાર લેવો જોઈએ. પ્રાર્થનાથી મોટી મદદ મળે છે. એ ઉપરાંત ભગવદ્ભક્તો તથા સત્પુરુષોનો સમાગમ કરવો જોઈએ. એમના સત્સંગ, શુભાશીર્વાદ અને મંગલ

માર્ગદર્શનથી ઈશ્વરીય પ્રેમની જાગૃતિ તથા અભિવૃદ્ધિ અથવા પુષ્ટિ થાય છે. આધ્યાત્મિક ઉત્તમ પ્રકારના ભાવોથી ભરેલા સદ્‌ગ્રંથોના સ્વાધ્યાયથી પણ એને માટેની મહત્ત્વની મહામૂલ્યવાન મદદ મળી રહે છે. એ બધાં સાધનો સિવાયનું અન્ય એક અકસીર સાધન પ્રેમપૂર્વક વધારેમાં વધારે સમયપર્યંત કરવામાં આવતા નામજપનું છે. નામજપની સાધનાથી ઈશ્વરીય પવિત્ર પ્રેમનું પ્રાકટ્ય થતાં સાધક ઈશ્વરના દર્શન અથવા સાક્ષાત્કારનો સુરદુર્લભ લાભ મેળવી લે છે.

**પ્રશ્ન :** ઈશ્વરનું દર્શન સાચેસાચ થઈ શકે છે ?

**ઉત્તર :** અવશ્ય થઈ શકે છે. એ સંબંધમાં લેશ પણ શંકા નથી સેવવાની.

**–શ્રી યોગેશ્વરજી**
**(અધ્યાત્મનો અર્ક)**

'પ્રભુ નારદજીને એમના ધ્યાનમાં ક્ષણિક દર્શન આપી અદશ્ય થઈ ગયા. નારદ વ્યાકુળ બની ફરી એ જ દર્શન પામવા પ્રયત્ન કરવા લાગ્યા. ત્યારે આકાશવાણી થઈ; 'હે બાળક ! આ જનમમાં તું મને જોઈ નહિ શકે. જેનું ચિત્ત પૂર્ણતઃ વિશુદ્ધ ન હોય એ મારું દર્શન કરવા અસમર્થ છે. મારી ઝાંખી મેં તને એટલે કરાવી કે તારું ચિત્ત મારામાં જ લાગેલું રહે. ત્યારથી નારદજી, 'નારાયણ નારાયણ' કરતા પૃથ્વીનું ભ્રમણ કરવા લાગ્યા.'



# ॥ યાચના કે ઉપકાર ? ॥

ઈશ્વરની મૂર્તિ તમારી સન્મુખ હોય, ત્યારે તમારી ભાવસૃષ્ટિમાં કેવાં સ્પંદનો જાગતાં હોય છે ! સામાન્ય રીતે દર્શનાર્થી ઈશ્વર પ્રત્યે પ્રયોજનસિદ્ધિની યાચના કરતો હોય છે અથવા તો જીવનમાં આવેલી અણધારી આપત્તિઓ બદલ ઈશ્વરને ઉપાલંભ આપતો હોય છે. કોઈ પ્રમોશનની માગણી કરે છે, તો કોઈ પુણ્ય-લાભની યાચના કરે છે; પણ ક્યારેય ઈશ્વર સમક્ષ ઊભા રહીને એમ વિચાર્યું છે ખરું કે જેની પાસે અત્યારે આજીજીભર્યા સ્વરે અપેક્ષાપૂર્તિની યાચના કરી રહ્યા છીએ એણે તો ક્યારનીય તમને અઢળક સમૃદ્ધિ આપી દીધી છે ?

ક્યારેય એવો વિચાર જાગ્યો કે આ રામ, કૃષ્ણ કે મહાવીર મળ્યા ન હોત, તો મારું જીવન કેવું હોત ? હું દારૂ જેવાં વ્યસનોમાં કેવો ડૂબી ગયો હોત ? છડેચોક હું કેવો દુરાચાર આચરતો હોત ? જીવનમાં કોઈ માનમર્યાદા ન હોત. કોઈપણ પ્રકારના સંયમનું નામનિશાન ન હોત. પ્રેમ, કરુણા, મૈત્રી જેવા દૈવી ગુણોથી કેટલો બધો દૂર હોત ! આ ઈશ્વરે કેટલું બધું આપ્યું છે અને છતાં હજી હું એની પાસે ભિક્ષાપાત્ર લઈને ઊભો છું !

જીવનમાં જેમણે થોડોય સાથ, હૂંફ કે સહયોગ આપ્યો છે, એવી વ્યક્તિઓની યાદી બનાવશો તો ખ્યાલ આવશે કે કેટલી બધી વ્યક્તિઓએ આપણા જીવનમાં કેટલું બધું આપ્યું છે ! એ વ્યક્તિઓએ ક્વચિત્ સ્નેહભાવ દાખવ્યો છે, તો ક્યારેક કપરા સંયોગોમાં મજબૂત સાથ આપ્યો છે. એમની મદદ કદાચ

સામાન્ય કે નાની હોય, પરંતુ એ સામાન્ય મદદથી પણ જીવનમાં કેટલી બધી સાંત્વના અને આસાએશ પ્રગટી હતી ! ક્યારેક એવું પણ બને છે કે કોઈએ સાવ નાની કે સામાન્ય મદદ કરી હોય, કિંતુ સમય જતાં એ મદદ તમારે માટે ઘણી મહત્ત્વની અને ઉપયોગી પુરવાર થઈ હોય. એ તમને નિરાશા કે હતાશાના ઓથાર હેઠળથી બહાર લાવી હોય કે પછી તમારા જીવન પર થયેલા દુઃખના આઘાતને એણે હળવો કર્યો હોય અને તેને પરિણામે તમારા જીવનમાં ચેતનાનો પુનઃ સંચાર થયો હોય. એ નાનકડા સહયોગને કારણે જીવનમાં વધુ ઉત્સાહ કે ઉમંગ પ્રાપ્ત થયા હોય અથવા તો આત્મામાં આનંદ અને જાગૃતિનો અનુભવ થયો હોય.

આપણને જીવનમાં મદદ કરનારી આવી વ્યક્તિઓ વિશે ભાગ્યે જ ગંભીરતાથી વિચાર કરવામાં આવે છે. એમાં પણ નિકટનાં સ્વજનો કે પરિચિત વ્યક્તિઓએ દાખવેલા સદ્ભાવ કે કરેલી મદદને તો લેખામાં જ લેવાતી નથી. વળી રોજબરોજના પરિચયમાં આવતી વ્યક્તિઓ પ્રત્યે એમણે કરેલી મદદ માટે ઉપકારભાવ શેનો દાખવવાનો હોય, એમ વિચારીએ છીએ. જાણે કે એમની સહાય લેવાનો આપણો જન્મસિદ્ધ અધિકાર ભોગવી રહ્યા હોઈએ !

પરિણામે પરિચિતતાને કારણે આવા નિકટના સંબંધોનું સમય જતાં એકવિધતામાં રૂપાંતર થઈ જાય છે અને એ એકવિધતામાંથી કંટાળો કે ઉદાસીપણું જાગે છે. આમ પરિચિતતા ઘણીવાર માણસને થાપ ખવડાવે છે. વેદ, ઉપનિષદ કે કોઈ



ધર્મગ્રંથ વિશે વ્યાખ્યાન અપાતું હોય, ત્યારે શ્રોતા ઘણી વાર સર્વજ્ઞતાનો ડોળ ધારણ કરીને બેઠો હોય છે. વ્યાખ્યાતા કોઈ વાત કરે, તો તત્કાળ મનમાં વિચારે છે કે 'આ તો હું જાણું છું, આમાં શું નવી વાત કરી ?' પરંતુ બને છે એવું કે 'આ તો હું જાણું છું' એવા એના ભાવને કારણે એ નથી જાણતો એવી બાબતો અંગે અપાયેલું જ્ઞાન ચૂકી જાય છે. પરિચિતતાને કારણે આપણે ઘણુંબધું માની લઈએ છીએ અને એથી જ જે બાબતમાં કૃતજ્ઞતા પ્રગટ કરવી જોઈએ, એમાં કૃતજ્ઞતા પ્રગટ કરતા નથી.

આજે પતિ-પત્નીના સંબંધોમાં કંટાળો જોવા મળે છે, એનું કારણ આ જ છે, પિતાપુત્રના સંબંધોમાં કોઈ પ્રકારનું જોડાણ જોવા મળતું નથી, એનું કારણ પણ આ જ છે. પત્નીએ આપેલા સાથ બદલ પતિ કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરે કે પિતાએ કરેલી મદદ બદલ પુત્ર કૃતજ્ઞતા ભાવ પ્રગટ કરે એવું આપણે ત્યાં બનતું નથી અને તેથી જ આ સંબંધોમાં રહેલી મીઠાશની વૃદ્ધિ થતી નથી. પતિ કે પુત્ર થોડો સમય કાઢીને કરેલી મદદ બદલ આભાર અભિવ્યક્ત કરે તો એ સંબંધમાં નવી ચેતનાનો સંચાર થાય છે. આમાં બંનેને લાભ થાય છે અને એની સાથે એમના જીવનમાં વિશેષ આનંદ પ્રગટે છે.

અણુની શક્તિ કેટલી બધી મહાન છે. એવી જ રીતે એક નાની મદદ પણ જીવનમાં ઘણી વાર મોટી લાભદાયી કે કલ્યાણકારી ઘટના સર્જવાની ક્ષમતા ધરાવે છે. એક નાનકડું કાર્ય પણ અન્યના જીવનમાં અસરકારક પરિવર્તન લાવી શકે છે અને વાલિયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિ બનાવી શકે છે. એવા અનેક કિસ્સાઓ મળશે કે જેમાં વ્યક્તિએ સામાન્ય જણાય તેવી

સહાય કરી હોય, કિંતુ તેને પરિણામે સહાય પામનારી વ્યક્તિનું જીવન અત્યંત સુખી થઈ ગયું હોય. આવાં નાનાં નાનાં કાર્યો ઘણા મોટા આનંદનું સર્જન કરતાં હોય છે.

આપણે જીવનમાં મોટા આનંદોની શોધમાં નીકળીએ છીએ. આપણું લૉટરી-માનસ હંમેશાં જંગી આનંદનો વિચાર કરે છે, પરંતુ એને બદલે આપણાં નાનાં નાનાં આનંદભર્યાં કાર્યો પણ લોકોને ઘણાં ઉપયોગી બનતાં હોય છે એ ભૂલવું જોઈએ નહિ. આને માટે જાગૃત થઈને વ્યક્તિએ પ્રમાદ છોડવો જોઈએ. ઘણી વાર એની આળસને કારણે એ આવી નાની નાની મદદો કરવાનું કે કોઈને ઉપયોગી થવાનું ટાળતો હોય છે.

પ્રમાદથી જીવનમાં સ્થગિતતા આવતી હોય છે, જ્યારે અન્યને નાની શી મદદ કરવાથી વ્યક્તિની પોતાની ચેતના જાગૃત થશે. મનુષ્ય તો ઠીક, વૃક્ષ પણ પોતાના શિરે સૂર્યનો બળબળતો તાપ સહન કરીને નીચે બેસનારને છાંયડો આપતું હોય છે. વળી સોનેકા કહે છે તેમ 'જે મનુષ્ય બીજા પર ઉપકાર કરે છે તે પોતાના પર ઉપકાર કરે છે. ઉપકાર કરવાનો ભાવ જ એને માટે ઉચિત પુરસ્કાર બની જાય છે, કારણ કે આવા ભાવમાંથી જ એની ઉપકારવૃત્તિ પેદા થઈ હોય છે.'

અન્યને કરેલી મદદ, સહાય કે ઉપકાર એ તો જીવનની મોટર ચલાવતા યંત્ર જેવી છે. એ યંત્ર ચાલશે તો તમારી ચેતના જાગૃત થશે, નવું બળ અને ગતિ આવશે અને જીવનમાંથી સ્થગિતતાનો ત્યાગ થશે.



આજનું આપણું જીવન કંટાળાજનક, નિરુત્સાહી, સ્થગિત કે ઉદાસીભર્યું લાગે છે, એનું એક કારણ એ છે કે આપણે આપણી નિકટની વ્યક્તિઓએ કરેલા ઉપકારનું સ્મરણ કરતા નથી. આપણી નાનકડી શાબાશી અન્ય વ્યક્તિના જીવનમાં નવો ઉત્સાહ પ્રેરનારી બને છે. એનાથી તમારા ભીતરને આનંદ આવે છે. આજે માનવી પોતાના ભીતરમાં જોવાનું ભૂલી ગયો છે અને એથી જ અંદરનો આનંદ પામવાનું ચૂકી ગયો છે.

આનંદનો વાસ મનુષ્યના હૃદયમાં છે. એ અંતરમાંથી ઉદ્ભવે છે, પરંતુ આધુનિક માનવી માત્ર બાહ્ય બાબતોમાં જ આનંદ માણવા લાગે છે. આપણો આત્મા અને આપણો જુસ્સો એ મહત્ત્વની બાબત છે અને તેથી જ જીવનની બાહ્ય પ્રવૃત્તિને બદલે ભીતરમાં જોવું વધુ જરૂરી છે. ઈશ્વર આપણી સઘળી સંભાળ રાખે છે એ સાચું, પરંતુ એ સૌથી વધુ સંભાળ તો આપણા અંતઃકરણની રાખે છે. આ અંતઃકરણ જ આપણને જિંદગીની પ્રતિકૂળતાઓ વચ્ચે પ્રભુશ્રદ્ધાથી દૃઢ રાખે છે. આવા મજબૂત અને મક્કમ જુસ્સાને કારણે આપણે ઘણી શારીરિક વેદનાઓને સહન કરી શકીએ છીએ. આપણી અંદર પડેલા જુસ્સાને જાણવો જોઈએ અને આપણા અંતર-આત્માને ઓળખવો જોઈએ, કારણ એટલું જ કે આપણે કલ્પીએ નહિ એવી અનેક જુદી જુદી રીતે આપણું ભીતર આપણા બાહ્ય જીવનને દોરતું હોય છે. આપણા રોજિંદા જીવનમાં આપણા હૃદયના ભાવનું પ્રાગટ્ય થતું હોય છે.

**–પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

## ॥ શરીરનું સત્ય, સાર્થક્ય ॥

**यावत्पवनो निवसति देहे तावत्पृच्छति कुशलं गेहे ।**
**गतवति वायौ देहापाये भार्या बिभ्यति तस्मिन्काये ॥ ६ ॥**

**यावत्**-જયાં સુધી, **पवनः**-શ્વાસ, પ્રાણ, **निवसति**-રહે છે, **देहे**-દેહમાં, શરીરમાં, **तावत्**-ત્યાં સુધી, **पृच्छति**-પૂછે છે, **कुशलम्**-કુશળતા, **गेहे**-ઘરમાં, **गतवति वायौ**-પ્રાણ જયારે ચાલ્યા જાય છે ત્યારે, **देहावाये-( देह-अपाये )**-શરીર જયારે વિકૃત થાય છે, શરીર જયારે નાશ પામે છે, **मार्या**-પત્ની, **बिभ्यति**-ડરે છે, **तस्मिन्**-તે, **काये**-શરીરથી

જયાં સુધી શરીરમાં પ્રાણ (જીવ) રહે છે ત્યાં સુધી જ ઘરમાં સૌ કુશળતા પૂછે છે. જયારે (શરીરમાંથી) પ્રાણ (વાયુ) જતો રહે છે અને શરીર વિકૃત થાય છે (નષ્ટ થાય છે) ત્યારે પત્ની પણ તે શરીરથી ડરે છે. (૬)

કેટલીક હસ્તપ્રતોમાં પ્રથમ બાદ 'यावज्जीवो' છે. એ પાઠ લેતાં પણ અર્થમાં કશો ફેર પડતો નથી.

આ શ્લોકમાં શંકરાચાર્ય માનવજીવનના બીજા એક સત્યનું અનાવરણ કરે છે. આપણે જોઈએ છીએ કે મોટા ભાગના માણસો તેમના શરીરની સંભાળ લેવામાં, તેને શણગારવામાં ઘણો સમય અને પૈસો ખર્ચતા હોય છે. મોટાં શહેરોમાં જ નહિ હવે તો નાનાં ગામોમાં પણ બ્યુટીપાર્લર્સ, ફિટનેસ જીમ્સ વગેરે વધવાં લાગ્યાં છે. કોસ્મેટિકલ સર્જન્સની સંખ્યા પણ દિવસે દિવસે વધી રહી છે. મંદીના સમયમાં પણ આ ધંધાઓ પર તેની નહિવત્ અસર જોવા મળે છે.



માણસ સ્વસ્થ રહે, સુંદર દેખાય એમાં કશું ખોટું નથી. પરંતુ શરીરને જ સર્વસ્વ સમજવાનું વલણ આવકાર્ય નથી, યથાર્થ નથી. આપણે શરીરનું ગમે તેટલું ધ્યાન રાખીશું, તેને સુંદર રાખીશું, શણગારીશું તોયે નાના મોટા રોગો તેના પર આક્રમણ કરવાના જ. બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા પછી પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા આવવાની જ. યોગ, વ્યાયામ, જીમની કસરતો વગેરે શરીરને સ્વસ્થ, તંદુરસ્ત રાખવામાં અવશ્ય ઉપયોગી છે. તે વૃદ્ધાવસ્થાની વ્યાધિઓને, વ્યથાઓને દૂર હડસેલવામાં મદદરૂપ થશે પણ તેને સદંતર અટકાવી શકશે નહિ. વહેલી કે મોડી વૃદ્ધાવસ્થા આવવાની જ છે અને શરીર આપણને ગમે તેટલું પ્રિય હોય, તેનો અંત અનિવાર્ય જ છે. '**महाभारत**'માં એક સનાતન સત્ય કહેવામાં આવ્યું છે :

**क्षयान्ताः संचयाः सर्वे पतनान्ताः समुच्छ्रयाः ।**
**संयोगा विप्रयोगान्ता मरणान्तं जीवितम् ॥**

બધા જ સંચયો (જોડાણ) અંતે નાશ પામે છે. ઉપર ચઢેલા નીચે પછડાય છે. સંયોગ વિયોગમાં પરિણમે છે ને જીવનનો અંત આખરે મરણ જ છે.

નામ તેનો નાશ નિશ્ચિત છે. જેનું સર્જન થયું તેનો સંહાર સુનિશ્ચિત છે. જેનો જન્મ થયો તેનું મૃત્યુ અવશ્ય છે. અન્ય યોનીમાં જીવો આ સત્ય સમજે કે ન સમજે, બુદ્ધિ ધરાવતા મનુષ્યે તો સમજવું જ રહ્યું. આ જેવું સત્ય છે એવું જ અન્ય સત્ય એ પણ છે કે આપણા શરીરમાં જયાં સુધી પ્રાણ છે, જીવન છે ત્યાં સુધી જ સગાંસંબંધીઓ, મિત્રો, મુરબ્બીઓ આપણી ખબરઅંતર લેશે, ક્ષેમકુશળ પૂછશે, ચિંતા કરશે, પરંતુ

શરીરમાંથી જેવો પ્રાણ વિદાય લેશે, શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ થઈ જશે, હૃદય ધબકતું બંધ થઈ જશે કે તરત ઉપર્યુક્ત લોકોના પ્રતિભાવ બદલાઈ જશે. રોજ પ્રેમપૂર્વક તમારા ક્ષેમકુશળની ચિંતા કરનારાં સ્વજનો પ્રાણના પલાયન પછી તરત જ તમારાથી અર્થાત્ તમારા શરીરથી વિમુખ થઈ જશે. હાથમાં હાથ લઈ પ્રેમથી ચુંબન કરનાર પ્રિયા, પત્ની, ભગિની, માતા, મિત્ર, મુરબ્બી-સર્વે પ્રાણવિહીન શરીરને સ્પર્શ કરવાનું તો દૂર રહ્યું, જોવાનું પણ પસંદ નહિ કરે. દેહ મૃત થયા પછી સર્વે સ્નેહી-સ્વજનોને એક જ ચિંતા રહેશે. વહેલામાં વહેલી તકે મૃતદેહની અંત્યેષ્ટિ. મૃત શરીરને કોઈ ઘરમાં ઝાઝો સમય રાખવા ઇચ્છશે નહિ; તમે જેમને પ્રિયતમ માનતા હતા તે પતિ કે પત્ની પણ નહિ. શંકરાચાર્ય તો એટલે સુધી કહે છે કે શરીર મૃત થયા પછી પ્રિય પત્ની (કે પતિ પણ) તે શરીરથી ડરે છે ! જે શરીરને અત્યંત પ્રેમ કર્યો, તેને સ્પર્શ કરવામાં સુખનો અનુભવ કર્યો, આનંદ અનુભવ્યો એ જ શરીરને હવે (નિર્જીવ થયા પછી) સ્પર્શ કરતાં, જોતાં ડર લાગે છે !

રવીન્દ્રનાથ ટાગોરે એક ટૂંકી વાર્તા લખી છે, 'જીવતી અને મરેલી.' વાર્તાની નાયિકા કાદંબિની વિધવા હતી. તે મૃત્યુ પામી ત્યારે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના શ્રાવણની અંધારી રાતે તેના શબને તેના જમીનદાર જેઠ નોકરો મારફત અંતિમ સંસ્કાર માટે સ્મશાનમાં મોકલી દે છે. દુર્ભાગ્યે કાદંબિની મરી ન હતી પણ બેહોશ થઈ ગઈ હતી. સ્મશાનમાં તે ભાનમાં આવે છે અને નોકરો આઘાપાછા હોવાથી ત્યાંથી ભાગી જાય છે. પોતાની બાળસખી જોગમાયાના ઘરે જાય છે, પણ કાદંબિની પોતાને



જીવતી માનતી નથી. પોતાની જાતથી જ ડરે છે. બહેનપણીને તે કહે છે, 'તમે લોકો માણસો છો ને હું છાયા !' પોતે મરેલી છે એવું માનનારી કાદંબિનીને પોતે ખરેખર જીવતી છે એવી પ્રતીતિ ક્યારે થાય છે ? રાત્રે ચોરીછૂપીથી પોતાના સાસરે ગયેલી કાદંબિની જ્યારે જુએ છે કે તેનો ભત્રીજો તાવમાં તરફડતો હોવા છતાં પોતાને યાદ કરી રહ્યો છે ત્યારે તેને ખાતરી થાય છે કે પોતે ખરેખર મરી ન હતી ! પણ તેની વાત કોઈ માનતું નથી. પોતે જીવતી છે એ પોતાના જેઠ-જેઠાણીને બતાવવા તે કાંસાની વાડકી કપાળમાં ઠોકે છે અને લોહી કાઢે છે. આમ છતાં કોઈ તેની વાત માનતું નથી ત્યારે તે તળાવમાં પડી આપઘાત કરે છે. લેખકે વાર્તાના અંતે લખ્યું છે, 'કાદંબિનીએ મરીને સાબિતી આપી કે એ મરી ગઈ ન હતી.' વિધવા સ્ત્રી જીવતી હોય કે મરેલી, સંસાર માટે તો બધું સરખું જ છે ! આ જીવનની એક ઑર વાસ્તવિકતા છે.

વેદાન્તમાં વિદ્યાર્થીએ જીવનના એકાંગી દર્શનથી બચવું જોઈએ. શરીરમાં જીવતું અને શરીર માટે જ જીવવું એ રાક્ષસોનો, વિરોચનનો સંપ્રદાય છે. વિરોચન અસુરોનો રાજા હતો. ઈન્દ્રની સાથે તે પણ બ્રહ્માજી પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા જાય છે. બ્રહ્માજી બંનેને તેમની ઇચ્છા શી છે એ પૂછે છે. બંને આત્માને જાણવાની ઇચ્છા દર્શાવે છે. પ્રજાપતિએ ઉપદેશ કર્યો, 'આ ચક્ષુમાં જે પુરુષ દેખાય છે તે આત્મા છે. એ અમર છે, અભય છે અને એ જ બ્રહ્મ છે.' પ્રજાપતિનો અભિપ્રાય એ હતો કે ચક્ષુમાં અર્થાત્ સર્વ ઈન્દ્રિયોમાં જે દ્રષ્ટા છે, ચૈતન્ય છે તે આત્મા છે પરંતુ ઈન્દ્ર અને વિરોચન આ અભિપ્રાય સમજ્યા

નહિ. તેમણે તો માની લીધું કે ચક્ષુમાં જે પ્રતિબિંબ દેખાય છે તે આત્મા છે, અર્થાત્ દેહ આત્મા છે. દ્રષ્ટાને બદલે તેઓ દૃશ્યને જ આત્મા માની બેઠા. તેમનો આ ભ્રમ દૂર થાય તે માટે પ્રજાપતિએ પ્રયાસ કર્યો પણ તેમનો ભ્રમ દૂર થયો નહિ અને પોતાને આત્માનું જ્ઞાન થઈ ગયું છે એવો સંતોષ પામીને તે બંને પાછા ફર્યા.

ઈન્દ્ર અને વિરોચન એ બેમાંથી વિરોચન તો સંતોષ પામીને અસુરો પાસે ગયો અને તેણે અસુરોને દેહાત્મબુદ્ધિ આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો. તે પ્રમાણે દેહને જ આત્મા માનવો. તેને જ પોષવો, પૂજવો એવું આસુરી વિરોચન મન આજે પણ પ્રચલિત છે. દેહને જ આત્મા-સર્વસ્વ માનનાર મનુષ્યોને શંકરાચાર્ય આ શ્લોકમાં સાચી દિશામાં વિચારવા પ્રેરે છે.

જીવતાં, મનુષ્યશરીરનું જે મૂલ્ય હોય તે પણ મર્યા પછી માનવશરીરનું મૂલ્ય શૂન્ય છે. મર્યા પછી માનવશરીર બોજરૂપ, ભારરૂપ થઈ જાય છે. તે કશા કામનું નથી. માત્ર ગીધ, કાગડા, કૂતરા વગેરેનો આહાર બનવાની તેની ક્ષમતા છે ! હાથી માટે તો કહેવાય છે, 'જીવતો લાખનો, મરેલો સવા લાખનો.' જીવતા હાથી કરતાં મૃત હાથીનું વધુ મૂલ્ય મળે છે. મર્યા પછી માણસ રાજા હોય કે રંક, તેના શરીરનું મૂલ્ય સરખું જ છે. તેથી તો મર્યા પછી રંકના શરીરની પેઠે રાજાનું શરીર પણ સળગાવી દેવામાં આવે છે, દફનાવી દેવામાં આવે છે.

જીવનના આ સત્ય પર વિચાર કરવાથી, મનન કરવાથી શરીરની આસક્તિ ઓછી થશે અને મનુષ્ય ખરેખર છે મૂલ્યવાન છે એ પ્રતિ અભિમુખ થશે. શરીરની આસક્તિ ઓછી



કરવાનો અર્થ એ હરગીજ નથી કે એવી અવગણના કરવી, ઉપેક્ષા કરવી. કશાની પણ આસક્તિ ઓછી થાય ત્યારે તેની સાચી સમજ મેળવવી સહેલી પડે. આપણું શરીર નિરર્થક, નકામું નથી જ. એનો ઉપયોગ છે જ. તેથી તો કહ્યું છે. 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્.' શરીર જ ધર્મનું અનુષ્ઠાન કરવાનું સાધન છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થો ને જ નહિ, મોક્ષ પુરૂષાર્થને પણ પ્રાપ્ત કરવાનું એકમાત્ર અનિવાર્ય સાધન માનવશરીર છે. શરીર વિના કશું પ્રાપ્ત કરી શકાય નહિ. ભૌતિક, દુન્યવી સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરવી હોય, સ્વર્ગાદિ પારલૌકિક સિદ્ધિ સંપ્રાપ્ત કરવી હોય કે જન્મમરણ, દુઃખદર્દના ચક્કરમાંથી હંમેશ માટે છૂટકારો મેળવવો હોય, મોક્ષ-નિવાર્ણ-મુક્તિ પ્રાપ્ત કરવાં હોય, માનવશરીર વિના સંભવ નથી. તેથી તો શંકરાચાર્યે 'વિવેકચૂડામણિ'ના પ્રારંભે જે ત્રીજા શ્લોકમાં કહ્યું છે :

**दुर्लभं त्रयमेवैतदेवानुग्रहहेतुकम् ।**
**मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥**

(ભગવાનની કૃપા જ જેમાં કારણ છે એ મનુષ્યજન્મ, સંસારમાંથી મુક્ત થવાની ઈચ્છા અને મહાપુરુષોનો સમાગમ- આ ત્રણ દુર્લભ જ છે.)

મનુષ્યજીવન આવું અત્યંત દુર્લભ હોવા છતાં, આવું મૂલ્યવાન હોવા છતાં મૂર્ખ, મૂઢ મનુષ્યો તે સમજતા નથી અને અમૂલ્ય માનવદેહનો દુરુપયોગ કરી, તેને ભોગવિલાસમાં વેડફી નાંખી માનવજન્મને નિરર્થક નષ્ટ કરી દે છે. આ વાસ્વતથી સુપરિચિત હોવાથી જ અને કરુણાશીલ હોવાથી આચાર્ય અહીં

એવા મનુષ્યોને દેહની વાસ્તવિકતાનું ભાન કરાવી તેનો સાર્થક સદુપયોગ કરવા પ્રેરણા પૂરી પાડે છે.

સાચી સમજ એ જ છે, શરીરને સાધન સમજી, વાહન સમજી તેને સ્વસ્થ, સ્વચ્છ અને સબળ રાખવું અને તે નષ્ટ થઈ જાય, નાશ પામે તે પહેલાં જીવનનું પરમ લક્ષ્ય, સર્વોચ્ચ સાધ્ય સંપ્રાપ્ત કરવા તેનો સાર્થક વિનિયોગ કરવો. પૂર્વજન્મોમાં કરેલાં પુણ્ય કર્મોના પરિણામે પ્રાપ્ત થયેલા મનુષ્યદેહનો એક માત્ર સાર્થક સદુપયોગ એ જ છે કે નાશવંત જગતમાં શરીર નાશ પામે તે પહેલાં અનશ્વર, અનંત આનંદસ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કરી દુઃખ, દર્દ, દારિદ્રયના સકંજામાંથી હંમેશ માટે છૂટકારો મેળવવો. સ્તોત્રના અન્ય શ્લોકોમાં આચાર્ય આ જ વાત જુદી જુદી રીતે, જુદા જુદા સંદર્ભમાં સમજાવે છે, સ્પષ્ટ કરે છે.

**–ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

‘જેટલી શક્તિ તમે બહાર દોડવામાં લગાવો છો એનો દસમો ભાગ પણ જો તમે ભીતર બેસવામાં લગાવી દો તો ક્રાંતિ થઈ જાય. તો હજાર-હજાર સૂરજ તમારી ભીતર ઊગી આવે !’



# ॥ ૐ મા પર્વ-અમર પર્વ ॥

પૂ.શ્રી પ્રભુએ કહ્યું છે કે –

“જેને પરમમાં પ્રીતિ તેને દરેક પાણી ગંગા જેવું.” તો પરમપ્રીત “મા” તો ગંગા જ વહાવે ને ?

“ૐ મા પર્વ” રૂપી સત્સંગ-ગંગાને “મા” એ સ્વર્ગારોહણમાં પ્રગટાવી અને ઘરે ઘરે વહાવી. સૌ કોઈ એ જ્ઞાનભક્તિની અમર સરિતામાં સ્નાન કરી શક્યા.

પર્વનો પ્રારંભ પૂ.માની પ્રાર્થનાથી તો પરિસમાપ્તિ પરમાનંદથી. આનંદસ્વરૂપા ‘મા’ એ અખંડ આનંદની લહાણ કરી. આ પર્વ દશ્ય-શ્રાવ્યમાંથી ભલે શાંત થયું પણ આંતરપટ પર સદાય ધબકતું રહેશે.

“મા”નું વગર પાયલે મૃદુતાથી કોમળ પગલે ચાલવું, “મા”ના મુખારવિંદની પ્રસન્નતા, “મા”નું શ્રી હરિને નત્મસ્તકે નમીને પ્રણમવું, શ્રીવિગ્રહના નિતનવા પ્રસન્ન મુદ્રાના હાવભાવ, શ્વેતવસ્ત્રધારિણી “મા”ની સાડીની કોરનું ઝૂલવું-આ સઘળું તો આ અવનવું મહાકાવ્ય છે.

તો આ સ્વરૂપ સામાન્ય તો ના જ હોઈ શકે ને ? તેથી જ પૂ.પ્રભુએ કહ્યું છે કે –“મા સર્વેશ્વરીને જે સામાન્ય સ્ત્રી માનશે તે ભૂલ કરે છે એ તો જગદંબાનું પ્રગટ સ્વરૂપ છે.”

આ પ્રગટ સ્વરૂપે આપણી આ નવરાત્રિને નંદનવન બનાવી સૌના હૈયે પ્રભુપ્રીતને વેગવંતી બનાવી, એકમાંથી અનેક થઈ જાણે કે પ્રત્યેકના ઘરે પધારી ગયા.

પ્રત્યેક દિવસે નૂતન નવીનતાથી નવનીત પીરસાયું. ઝીલવા

માટે અક્ષયપાત્ર પણ નાનું પડે તેવા આ મહામંજૂષમાંથી એક એક રત્નજડિત આભૂષણો આકારિત થઈને ઝળહળ્યા.

કથામૃત તો પૂ.માની શ્રીકલમે ઝીલાયેલા શ્રી હરિના કનકરૂપી કથનામૃતનો મહાકુંભ છે. શબ્દો સ્પર્શીય અને રજૂઆત રમણીય ને મોહક બની રહ્યા. કલ્પવૃક્ષની વિવિધ ઋચાઓમાંથી શ્રી પ્રભુનું નૂતન પ્રાગટ્ય થતું હોય તેવો અલૌકિક અનુભવ થયો.

પૂ.શ્રી પ્રભુની અમૃતવાણીમાં તો શબ્દે શબ્દે અમૃત રેલાય. અમૃત સરોવરની પાસે બેઠા હોઈએ તેવો દિવ્ય અનુભવ થાય. સઘળું ભૂલીને પ્રભુની વાણીમાં તન્મય બની જવાય તેવી ભાવવાહી ને મનમોહક વાણી હૃદયને શાંત કરી દે. વેદ કે પુરાણોમાં ના વાંચ્યું હોય તેવા જીવનપ્રેરક સંદેશાઓ પ્રભુએ સરળ શૈલીમાં જીવનને કલ્યાણના માર્ગે વાળવાના સંદેશારૂપે ધર્યા છે.

દુર્ગા સપ્તશતી-ચંડીપાઠના સંક્ષિપ્ત વર્ણનમાં વણાઈ જતું વિરાટ દર્શન ને વર્ણન મહાદુર્ગાની મહાશક્તિનાં દર્શન કરાવે તેવું વિશુદ્ધ અને વૈવિધ્યસભર બની રહ્યું. જીવનમાં આસુરી તત્ત્વો-અશુદ્ધ તત્ત્વો જે વર્તનરૂપે થતા હોય છે તેને પરાસ્ત કરી દૈવી તત્ત્વોનો ઉદય થાય તો જ જીવન સફળ કહેવાય કે જેનાથી સ્વયં તો સુવાસ પામીએ પણ સમાજ પણ તેનાથી સુગંધિત બને. જીવનસ્તરને ઉપર ઉઠાવે તેવા દૈવી તત્ત્વોની સ્થાપના ને સંવર્ધન થાય તો જ આસુરી વૃત્તિઓનું નિકંદન થાય અને તો જ આ પર્વ મહાપર્વ બની જાય.

વચ્ચે વચ્ચે ગવાતાં સ્તુતિ-પાઠ-પદો તો સંગીતની સૂરાવલી એવી વહાવે કે આસપાસની દુનિયાના સઘળા કોલાહલો શાંત



બની જાય. હૃદયને પણ મીઠાશથી ભરી દે તેવાં પદોની ધૂન તો આપણને પણ ગણગણતા કરી દે તેવા સુગમ, સૂરીલા ને શ્રવણભક્તિમાં લીન કરી દે એવાં મધુરાં બની રહ્યાં.

વાર્તાલાપ તો જાણે અગમ્ય લોકમાંથી અવતરિત આવિષ્કારરૂપે આવેલા છે. પૂ.માનાં પવિત્ર પાસાંઓને ઉજાગર કરે તેવું ઋષિકાવ્ય છે. પૂ.માનાં શુભ તત્ત્વોને નવીન દૃષ્ટિથી જોઈ શકાય તેવો દૃષ્ટિકોણ પામ્યા. પૂ.માના દૈવી અવતરણની સમજ આપે તેવા પગથિયારૂપ વાર્તાલાપ અનેરી મહેંક સમા બની રહ્યા.

પ્રેમસંગીત તો જાણે પ્રભુની સાધનાના પ્રાણસમાન છે. જેમાં આજીજી, તલસાટ, પ્રેમ, ઝંખના, સર્વસ્વ ન્યોછાવર કરી દેવાની ભાવના તરી આવે છે. પરમશક્તિને પ્રાપ્ત કરવાના શ્રી હરિના પોકારોના પડઘા છે. —શ્રી હરિની પ્રેમની પ્રશસ્તિ છે.

"પ્રકાશના પંથે"ની પ્રાર્થનાઓનું સંકલન ને પ્રસ્તુતિ પરમતત્ત્વના પાવનકારી પરમ પ્રદેશમાં વિચરણ કરાવે તેવા વિશુદ્ધ તત્ત્વસભર બની રહ્યા.

"ૐ પિતૃદેવાય કાલિદાસાય નમઃ"ના મંત્રગાનની સાચી સમજ પ્રાપ્ત થઈ. જ્યાંથી "મા" રૂપી પાવનકારી ગંગાનો પ્રવાહ પ્રવાહિત થયો છે તે "ગૌમુખ"નાં દર્શન પામ્યાં. પૂર્વજનોનો પ્રાણવાન વારસો કેટલો પવિત્ર છે તેની સુવાસ પામ્યા. દેવતુલ્ય બાપુજીમાં અતિ વિશિષ્ટ ગુણોનાં દર્શન-જેવા કે—સ્ત્રીશિક્ષણ, અતિથિસત્કાર, પ્રામાણિકતા, રાષ્ટ્રપ્રેમ, સેવાધર્મ, આદિવાસી તથા હરિજનો પ્રત્યે સમભાવ, બાળકોમાં આપણી સંસ્કૃતિનું—સંસ્કારોનું આરોપણ, ગીતા અને રામાયણના નિત્ય પાઠ-પઠન, ખેતીવાડીના નવીન પ્રયોગોનું જ્ઞાન, જમીનનું

દાન, ગામ અને સમાજ પ્રત્યેની સેવા, માનવધર્મ, ઈશ્વરમાં અડગ શ્રદ્ધા...અધધધ...કહી શકાય તેવા ને તેટલા ગુણદર્શન પામી અહોભાવ પ્રગટ થાય જ.

અને આ મનુ-શતરૂપા જેવું પવિત્ર જીવન જીવતા બાપુજી તથા ભીખીબાના સંસાર-સરોવરમાં તો જ આ ‘‘સરોજ’’નો પ્રાદુર્ભાવ થાય ને ?

બાપુજીની સ્મરણગંગાનાં સંસ્મરણો વાગોળવાં તથા જીવનમાં ઉતારવાં જેવા પવિત્ર ને અનુકરણીય લાગ્યાં.

આ સમગ્ર પર્વ એક અમર પર્વરૂપે પ્રગટ્યું ને મુક્તિપર્વમાં પલટાયું. પર્વનો સંસ્પર્શ કથિરને કનકમાં પલટાવી દે તેવો મહાયજ્ઞ બની ગયો.

આ કોરોનાના કપરા કાળને ‘‘મા’’ એ ‘‘કૃપાકાળ’’ બનાવી દીધો.

રૂમઝુમ નોરતાના શણગારસમા આ નોરતાએ નવચૈતન્યરૂપ દીવા પ્રગટાવ્યા ને સજાવ્યા. એવું કહેવાય છે કે મા જ ગબ્બરના ગોખથી ઉતર્યાં રે...આપણાં ‘‘મા’’ તો

**કર્પૂરવને પ્રગટ્યાં રે...**
**સાધના વિદ્યાલયથી નિસર્યાં રે...**
**મૌનમંદિરમાં મસ્ત બન્યાં રે...**
**સત્યપથે સ્થિર થયાં રે...**
**સ્વર્ગારોહણે વિચર્યાં રે...**
**પ્રણામ...પ્રણામ...પ્રણામ...**

**–શ્રી યોગેશ પંડ્યા**
**શ્રી નિશા પંડ્યા**



# ॥ યાત્રામાં ‘મા’નું દર્શન ॥

નવરાત્રિના પર્વે પૂ.‘મા’ તમારા બધાં જ બાળકોના પ્રણામ સ્વીકાર કરો ‘મા’. અમારી હે વૈશ્વિક માતા, અમારી ‘‘યુનિવર્સલ મધર’’ અમારા સૌની શાબ્દિક પ્રદક્ષિણા સ્વીકારો પૂજ્ય ‘મા’.

**‘‘સર્વેશ્વરી મહાદેવી સર્વલોક નિવાસીની**
**નમું તેને નમું તેને વારંવાર નમું નમું’’**

ૐ મા પર્વમાં રોજ નવરાત્રિની નવદુર્ગાનાં દર્શન થાય છે. એમને પ્રણામ હો. પણ અમારી ‘મા’ સર્વેશ્વરી તો અમને ૯ નહિ, ૯૦ દુર્ગાનાં દર્શન કરાવી શકે છે. ‘મા’ તમારાં પ્રત્યેક સ્વરૂપ ને અમારા સૌના પ્રણામ હો.

આ વર્ષે પ્રકૃતિએ આપણને સૌને શાંત કરી દીધાં છે. જાણે “Pause”નું બટન દબાવી દીધું છે. આપણે સૌ સ્થિર થયા છીએ તો આપણને પૂ.‘મા’ની ગતિનાં દર્શન થઈ રહ્યા છે. પૂ.‘મા’ કેટલાં કાર્યરત છે ! સ્વર્ગારોહણમાં સ્થિર રહી અનેક કાર્યોની ગતિવિધિઓ કરી રહ્યા છે. એટલે ૨૦૨૦નાં પૂ.‘મા’ આપણને એમની ‘‘સ્થિરતામાં પણ ગતિ’’નાં દર્શન કરાવી રહ્યા છે. આ પણ ‘મા’નું એક નવીન સ્વરૂપ છે.

જ્યારે કે ૨૦૧૯ સુધીનાં પૂ.‘મા’ આપણને ‘મા’ની ‘‘ગતિમાં સ્થિરતાનાં’’ દર્શન કરાવતાં રહ્યાં છે.

પૂ.‘મા’ શ્રી હરિની શબ્દયાત્રામાં નોંધે છે; ‘‘સાધુ તો ચાલતા ભલા’’ને એટલે પરમ સખા એમની થોડે થોડે દિવસે બદલી કે સ્થળાંતર કરતા રહે છે.

પૂ.'મા' જ્યાં પણ રહે, હરે-ફરે, પૂ.'મા' કદી 'Maa' મટી જતાં નથી.

આપણે મન યાત્રા એટલે રજા, vacation, relaxation. પણ પૂ.'મા' નિયમોમાં કદી, ૧/૨ દિવસની પણ રજા પાડતાં નથી. પૂ.'મા' યાત્રામાં પણ જપ, પ્રણામ, વ્યાયામ, નિર્જળા, શ્રીહરિની શબ્દયાત્રાનું લેખન, બધા જ નિયમો કોઈ પણ જાતની બાંધછોડ વિના પાળતાં જ રહે છે, જેમ જ્યાં આપણે હોઈએ, ત્યાં નહાવું, ખાવું ને શ્વાસ લેવાનું-આટલું તો બધે જ કરીએ જ ને. એમ પૂ.'મા' અને એમના નિયમો અવિભાજ્ય છે-એ એમની ગતિમાં સ્થિરતા છે.

'મા'નાં ઘણાં એવાં પાસાં છે, જેમનાં યાત્રામાં વિશેષરૂપે દર્શન થાય. જેમ કે કોઈ યાત્રા નક્કી થતાં જ પૂ.'મા' પોતાના ભાગની રકમ સૌ પ્રથમ આયોજકોને આપી જ દે, અને આમ આપણને ગમે એવાં લાડ લડાવે, આપણું કહેલું સઘળું કરે, પણ આ બાબતમાં કોઈનું કશું જ ના ચાલે. સંસારમાં એવા શિષ્યો હશે, જે ગુરુને યાત્રા કરાવી શકતા હશે. આપણે ત્યાં એ શક્ય નથી. પૂ.'મા' કહે પ્રભુ કોઈ પાસે પૉસ્ટકાર્ડ મંગાવે તો તેમને ૧૦ પૈસા પહેલાં ચૂકવી દેતા, તો એવા પ્રભુના આદર્શ પર આપણે ચાલવાનું છે. આ સ્વાભિમાન, આ ગુરુની ખુમારી, આ સ્વાવલંબન-એ પૂ.'મા'ની સ્થિરતા છે.

પૂ.'મા' સાથે યાત્રામાં જોડાતાં પહેલાં, કદી વિચારેલું નહિ પણ પૂ.'મા'ના એક સાવ નવા અને મારા માટે કહું તો એક unexpected પાસાના દર્શન થયાં. એ કયું પાસું ? કે પૂ.'મા' જે જગ્યાએ જાય ત્યાંના "Best Tourist"નો ખિતાબ મેળવી શકે. જે જગ્યાએ જઈએ તેના વિશેની સર્વ જરૂરી માહિતી



લેવી, તેની નોંધ લેવી, જેટલા જોવાનાં સ્થળ હોય તે જોઈ લેવા. જે બૉર્ડ મૂકાયાં હોય તે વાંચી લેવાં. એટલે એ જગ્યાને 'મા' ઓળખી લે. આપણે સૌ આજકાલના social media world માં જીવીએ છીએ. આપણે કશે જઈએ તો બે મુખ્ય જગ્યાએ સેલ્ફી લીધી, face book, instagram, whats up, par dp, status, my story માં ચઢાવી દીધું એટલે પતી ગયું, પણ આપણે જ્યાં ગયાં ત્યાં આપણે શું જોયું ? શું અનુભવ્યું ? એના વિષે શું જાણ્યું, શું શીખ્યા ? આ વસ્તુનો વિચાર 'મા'નું આ ટૂરિસ્ટ સ્વરૂપ કરાવે છે. આ 'મા'ના યાત્રીસ્વરૂપની સ્થિરતા છે.

એક વખત અમે અમેરિકાને બીજે છેડે હતાં. એટલે કલકત્તા રહેતાં હોઈએ ને મુંબઈમાં હોઈએ એમ. એ રીતે અમે ન્યુજર્સી રહીએ તો પૂ.'મા' સાથે બીજી બાજુ પશ્ચિમમાં seattle પાસે હતાં ને ત્યાંના કોઈ વિશેષ જાતનાં વૃક્ષો પાસેથી પસાર થઈ રહ્યાં હતા. પણ ગાડી ઊભી ના રાખી, તો પૂ.'મા'એ ગાડી ઊભી રખાવી, અને કહ્યું, ''આટલે દૂર આવ્યા છો, ફરી જીવનમાં પાછા અહીં આવશો કે નહિ કોને ખબર છે, આવ્યા છો તો શાંતિથી જોઈ લો, માણી લો.''

આપણે મોટાભાગના માનવી ભૂતકાળની યાદો અથવા ભવિષ્યકાળની ચિંતામાં મોટે ભાગે જીવતા હોઈએ છીએ, ત્યારે પૂ.'મા' આ જ ક્ષણને "here & now" વર્તમાનને જ માણતા હોય છે-એ એમની પળેપળની, ક્ષણેક્ષણની સ્થિરતા છે.

પૂ.'મા' સાથે યાત્રા મોટેભાગે પ્રકૃતિદર્શનયાત્રા હોય છે. ૨૦૧૬માં ૫૨ દિવસની પ્રકૃતિદર્શનયાત્રા કરી હતી, ત્યારે પૂ.'મા'ના પ્રકૃતિપ્રેમનાં દર્શન સતત થયાં કર્યાં. અમેરિકામાં પ્રાકૃતિક વિશેષતાઓને National Parks બનાવી સાચવવામાં

આવ્યા છે. તેવા National Parksની યાત્રા ૨૦૧૬માં 'મા' સાથે કરી હતી. પૂ.'મા'ને નદી, ઝરણાંઓ સાથે જાણે એક થઈ જવું હોય, આપણે શ્રી ગંગાજી ફૂલચટ્ટીમાં હમણાં જ ગંગાજીના દર્શન કર્યાં, કે 'મા'ને નદી કે ઝરણાંની છેક પાસે જઈને, કે વહેણની અંદર જઈને બેસવું હોય. પૂ.'મા' બેસે ને વહેણને જોતાં જપ કરે, કે વાંચન કરાવે. એ બધી ઉબડખાબડ કેડીઓ પર ચઢી ઉતરીને જવું એ ઘણું સાહસ માગી લે છે, ('મા'ને ખબર છે, હું તો એવું સાહસ જરાય ના કરું) પણ 'મા' તો ઘડીકમાં એમણે જ્યાં નિર્ધારિત કર્યું હોય ત્યાં પહોંચી જાય ! આપણા માટે આપણી આ ફિટ માતાનાં એવાં દર્શન સહજ બની ગયાં છે. પણ વિચાર કરીયે તો એવી કેડીઓ પર, ઝરણાઓમાં, પથ્થરો-શીલાઓ વચ્ચે વિહરતાં આપણા પૂ.'મા'નું શ્રીતનુ તેવે વખતે ૭૦ નહિ પણ ૧૭ વર્ષનું બનીને પતંગિયાની જેમ ઉડે છે. એ એમની સનાતન યૌવનમાં સ્થિરતા છે.

પૂ.'મા' કહે નદી ઝરણાંના વહેણમાં 'ૐ' સાંભળો, મન એ 'ૐ'માં સ્થિર કરો. પૂ.'મા' કહે કોઈ સુંદર પ્રાકૃતિક જગ્યાએ જાઓ તો અવાજ ઘોંઘાટ ના કરો. હવામાં, પાંદડાઓની સરસરાહટમાં ૐનો ધ્વનિ સાંભળો ને સુંદર જગ્યાને વધાવવા ''ૐ'' મોટેથી ત્રણવાર, પાંચવાર બોલો. આમ પતંગિયા પેઠે પ્રવર્તતાં પૂ.'મા' ''અક્ષર ૐ મેં કરત વિહાર''ની અવસ્થામાં સ્થિત હોય છે. એ એમની સ્થિરતા છે.

એ સુંદર સ્થળો, શહેરી ઘોંઘાટથી દૂર, ત્યાંના પરમાણુઓ- જે હશે તે, પણ પૂ.'મા'ની કલમ પ્રકૃતિમાં સોળે કળાએ ખીલી ઊઠે છે. નદી, ઝરણું, વૃક્ષ, પહાડ, પ્રાણી જેની ઉપર પૂ.'મા' દૃષ્ટિપાત કરે, તે વિષય પર પદપ્રસાદી લખાઈ જાય, ભિન્ન



ભિન્ન વિષયો, ગીતા-ઉપનિષદનું જ્ઞાન એ પદોમાં ઉભરાતું રહે. પૂ.'મા' ભલે નિર્જન વનમાં વિચરે, પણ જનકલ્યાણ માટે સાહિત્યસર્જન સદા સક્રિય રહે-એ પૂ.'મા'ની દેવી શિવા સ્વરૂપમાં સ્થિરતા છે.

અને બીજી બાજુ, આ સુંદર દૃશ્યો, વિવિધ જાતનાં પ્રાણીઓને જોઈને પૂજ્ય 'મા' એ લખેલાં પદો આપણને એક સાવ નવીન દૃષ્ટિકોણ બક્ષે છે. વિવિધ પ્રાકૃતિક પદો આપણને કહે છે. જેમકે

હજારો વર્ષથી પડેલી શિલાઓ જોઈ 'મા' લખે કે; એ પ્રવાસીઓને આવકારી રહી છે કે આવ, તું પણ મારી જેમ ધ્યાનમાં પલાંઠી વાળ. ઊંચાં ઊંચાં ઘટાદાર વૃક્ષો, આમ હાથ પહોળા કરીને પ્રભુને આવકારવા તત્પર ઊભાં છે, તો પહાડી પ્રદેશમાં ઉડતાં તીડ જેવા સીધાં વૃક્ષો જોઈ 'મા' લખે કે જન્મથી જ ઊર્ધ્વ દિશામાં પ્રયાણ કરે છે, પહાડો નિર્લેપ યોગીઓ છે- આવો અને આવજો મંત્ર તટસ્થ બની જપે છે, બરફના પાણીમાંથી ફૂટતું ઝરણું કહે છે કે આંખ ઉઘાડી ત્યારથી અમે તો સાગરને મળવા દોડ્યા, ને પ્રાણીઓ પોકારી પોકારીને કહે છે-જે સામે ઊભા એમના ફોટા પાડી રહ્યા છે એ માનવજાતને પ્રાણીઓ કહે છે : હે માનવ અમે તો આ યોનીમાં આવી ગયા છીએ તું જાગી જજે, તારા સમયનો સદુપયોગ કરી લેજે. તો આવી અભિનવ આકૃતિવાળી કૃતિઓ પૂજ્ય'મા' યાત્રામાં ધરતાં રહે છે. ''નવી જે આંખડી આપે, એવા જ્ઞાન દેનારા ગુરુ'' ભાવમાં એ સ્થિર છે. પૂ.'મા' જ્યાં પણ હોય, પૂ.'મા'નાં મન અંતરે પ્રભુ સદાકાળ રમતા જ રહે છે. કદીક જંગલ જોઈને પ્રભુ આટલી નાની વયે એકલા દેવપ્રયાગની કુટિયામાં કેવી રીતે

રહેતા હશે, પ્રાણી જોઈને-પ્રભુએ કેવા વાઘ, રીંછ, સિંહનો સામનો કર્યો હશે. ઉતારાની હોટલ કે ઘર જોઈને-પ્રભુ સાથે યાત્રા કરેલી ત્યારે કેવા ઉતારા હતા એની વાત પૂ.'મા' કરે. એ એમના ગુરુપ્રેમની સ્થિરતા છે.

બીજું પૂ.'મા' જ્યાં પણ હોય, સદાય ભારત એમની સાથે, એમના હૃદયમાં જ હોય, ભારતનું ગૌરવ, અરે 'મા' પરદેશ આવે પણ એમની ઘડિયાળ ક્યારેય બદલાતી નથી એ તો ભારતના સમયે જ ચાલતી હોય છે. પૂ.'મા'ની ભારત માટે પ્રાર્થના, ચાલુ જ હોય. પહાડોમાં પાકા રસ્તા જોઈને પૂ.'મા' પ્રાર્થના કરે કે પ્રભુ ભારતમાં પણ આવી સરસ વ્યવસ્થા કરી દો. જે ઘરમાં લાંબું રહેવાનું હોય તે ઘર પર પૂ.'મા' ભારતનો ધ્વજ ફરકાવી રાખે. ૨૦૧૬ની યાત્રામાં તો પૂ.'મા'ની ગાડીની અંદર પૂ.મા એ લગભગ એક ફૂટનો ધ્વજ ફરકાવેલો રાખેલો આ પૂ.'મા'ની દેશભક્તિની સ્થિરતા છે.

આમ આપણા 'મા પ્રભુ'નાં પાસાંઓ સ્મરી સ્મરીને એમની શબ્દઆરતી ઉતાર્યા કરીએ તો પણ એ આરતીની જ્યોત અખંડ જ્વલંત રહ્યા જ કરશે, દુર્ગાસપ્તશતી કે દેવીપુરાણ જે આપણે રોજ સાંભળીએ છીએ એ તો ૭૦૦ શ્લોકોમાં પૂર્ણ પણ થાય છે. પણ આપણી સર્વેશ્વરી મહાદેવીનાં જયગાન તો અનંત છે.

હે 'મા' ! આમ સૌને સદા તમારાં આ વિવિધ પાસાંઓના ક્રમે ક્રમે દર્શન આપતાં રહેજો, અમારી દૃષ્ટિને દિવ્ય બનાવતાં રહેજો એટલે એક દિવસ અમે સૌ પણ અર્જુનની જેમ આપનાં વિરાટ સ્વરૂપ ને વિરાટ વ્યક્તિત્વનાં દર્શન કરી શકીએ.

**–ડૉ. અર્પિતા જોશી**



## || School calendars need a shift for cultural diversity ||

With the holiday season impending and corona virus cases exceeding 53 million, its clear things won't be the same for many years to come. As a result of the pandemic, things have been difficult for everyone, and we should use this time to think and reinvent the way we think about and celebrate holidays.

Santa Fe Public Schools and the public school system in general are missing the opportunity to reimagine the school calendar to accommodate cultural and religious diversity.

I grew up practicing Hinduism because my parents are Indian immigrants who also grew up Hindu. Diwali, the festival of lights, is one of the biggest Hindu holidays. As Diwali was approaching earlier this month, I realized that in the age of a pandemic, my personal celebrations won't be much different. In previous years, my family would light divaas (clay oil lamps), create rangoli (patterns on the floor using colored sand) and do Lakshmi Puja (an offering made to Lakshmi, the goddess of wealth, in Hindu households and businesses to pray for

wealth and prosperity in the future).

But we never celebrated Diwali to the full extent as it is marked in India. When I think about past Diwalis, I remember being cooped up in my room doing homework. Even when I was in elementary school, I couldn't celebrate much because most of my days had been spent at school. I realized that Muslims have to go through the same thing during Eid al-Fitr, and so do Jewish people during Passover.

The New Mexican public school system only caters to the majority, which isn't bad per se, because it makes sense to cater to the largest group of people. However, in the process of doing so, it reveals a cultural and religious blindspot within the system by failing to promote diversity on the school calendar by singling out the minorities. Although Kwanzaa and Hanukkah are included in winter break, the calendar fails to include holidays from other major religions such as Islam, Buddhism and Hinduism. Many local districts also don't include time off for Pueblo feast days or other religious holidays marked by local Indigenous people.

This creates an educational harrier for minority students because they are forced to choose



between religious obligations and academic responsibilities. Even though only 4 percent of the New Mexican Population is affiliated with a non-Christian faith, those 4 percent still deserve to be recognized for our cultural holidays. Like the majority, students with unique cultural and religious backgrounds should be allowed to celebrate their holidays without worrying about school in the same way Christians are able to celebrate Christmas.

That being said, I acknowledge the complexity of the process of creation for a school calendar.

It's not easy to create a school calendar that includes a sufficient number of instructional hours while also giving holidays off. However, there is room for serious improvement. Though it will be difficult and require change, it's possible to restructure the school calendar in a way that promotes inclusivity and diversity of the student body and staff, even if it means breaking the traditional norms.

**–Shloka Bhakta**

**(An article published in the News paper of Santafene Nov. 28. 2020)**